આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

સ્થાપના : ૧૯૪૪

# ઘરશાળા

વર્ષ : ૮૪ • અંક : ૧૨

સળંગ અંક : ૧૦૧૨

માર્ચ-૨૦૨૫



Name : Shrigod Aarti P. Std. : 9, Division : Kh Roll No. : 46

# સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓનું

# પુસ્તક પ્રદર્શન

- અપ્રાપ્ય પુસ્તકો
- અમૂલ્ય પુસ્તકો
- વિદ્યામંડળ પ્રકાશન
- બાળ સાહિત્ય
- અદ્યતન આવૃત્તિઓ


















# ઘરશાળા

વર્ષ : ૮૪

સળંગ અંક : ૧૦૧૨ માર્ચ - ૨૦૨૫



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| સહતંત્રી : | અશોકભાઈ સોમપુરા |
| વ્યવસ્થા અને સંકલન : | કે. ડી. પટેલ |
| પરામર્શ : | અમિતાબહેન પાલખીવાલા |

આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.


શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.


-: ઘરશાળા કાર્યાલય સરનામું :-

સરસ્વતી વિદ્યામંડળ
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ
સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮

ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭
મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩


## અનુક્રમ


| | |
|---|---|
| ધૂળિયે મારગ ચાલ | મકરન્દ દવે/૪ |
| સંપાદકીય - શિક્ષણની લાંબી મંઝિલ | જ્યોતીન્દ્રભાઈ દવે/૫ |
| દાદા સદાબહાર | ઈશ્વર પરમાર/૬ |
| આપણા યુવાનોની વેદના | મનોજભાઈ સુથાર/૧૪ |
| શું મહત્ત્વનું? વિદ્યાર્થીઓને સમજાવવા કે સમજવા? | ડૉ. અશોક પટેલ/૧૬ |
| આપણામાં રહેલ ''બે આપણે'' | મિત્તલ પટેલ/૧૮ |
| આઝાદીના ગર્ભમાં રહેલા નવ રસ | અમિતાબેન પાલખીવાલા/૨૦ |
| જાહેર પરીક્ષાના સંચાલનમાં થતી મોટા પાયે ગેરરીતિ | અશોક સોમપુરા/૨૭ |
| એઆઈ ટેક્નોલૉજી કરોડો લોકોને નોકરી આપશે | હર્ષ મેસવાણિયા/૨૯ |
| સાદાઈની સુટેવ | રણછોડ શાહ/૩૧ |
| પ્રહર પ્રહરની લીલા | મનસુખ સલ્લા/૩૩ |
| કેળવી શકે તે કેળવણી | નિધિ મહેતા/૩૭ |
| શિક્ષણ સમાચાર | અશોક સોમપુરા/૪૦ |



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication


## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.

-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઓફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)

# ધૂળિયે મારગ ચાલ

કોણે કીધું ગરીબ છીએ? કોણે કીધું રાંક?
કાં ભૂલી જા મન રે ભોળા! આપણા જુદા આંક.

થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ,
એમાં તે શું બગડી ગયું? એમાં તે શી ખોટ?

ઉપરવાળી બેન્ક બેઠી છે આપણી માલંમાલ,
આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ.


ધૂળિયે મારગ કૈંક મળે જો આપણા તેવા સાથે,
ખુલ્લાં ખેતર અડખેપડખે, માથે નીલું આભ,
વચ્ચે નાનું ગામડું બેઠું, ક્યાં આવો છે લાભ?

સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેત;
દોઢિયાં માટે દોડતાં એમાં જીવતાં જોને પ્રેત!

માનવી ભાળી અમથું અમથું આપણું ફોરે વ્હાલ;
નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ!

- મકરન્દ દવે

# *સંપાદકીય*



**જ્યોતીન્દ્રભાઈ દવે**

## શિક્ષણની લાંબી મંઝિલ

ફેબ્રુઆરી ૨૦૨૫ માસમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના બજેટ રજૂ કરવામાં આવ્યા. અમારા મત મુજબ શિક્ષણ અંગેના બજેટ ચીલાચાલુ છે અને ચોક્કસ દિશાસૂચક નથી. ગયા વર્ષના બજેટનો આાંકડો, વાસ્તવિક ખર્ચ, તેને આધારમાં રાખી ૧૦ થી ૨૦ ટકા વચ્ચેનો વધારો સૂચવાયો છે. પણ શિક્ષણ અંગેની માર્ગરેખા, જે નવી શિક્ષણનીતિમાં આપવામાં આવી છે તેને અનુસંધાનમાં કોઈ ચોક્કસ દિશા નિર્દેશ બજેટમાં જોવા મળતો નથી. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના બજેટમાં માળખાકીય સુવિધાઓ અને નવી ટેક્નોલોજી માટેના ખર્ચની જોગવાઈ છે. પરંતુ હાલની શિક્ષણ પદ્ધતિમાં માનવીય સંશોધનોના વિકાસ અને તાલીમ માટે કોઈ ખાસ નોંધપાત્ર દિશાનિર્દેશ નથી. નવી શિક્ષણ નીતિમાં જે પરિવર્તનો આવવાના છે તે પરિવર્તનોની સજ્જતા મેળવવા માટે અમારા મતે શિક્ષકોની તાલીમ; તાલીમના અભ્યાસક્રમો અને દરેક વિષયમાં જે નવા ફેરફારો આવવાના છે, તેને ગ્રાઉન્ડ લેવલ સુધી લઈ જવા માટે કોઈ ચોક્કસ કાર્યન્વિત યોજના થઈ નથી. આ દિશામાં સંસ્થાગત અને માળખાકીય ફેરફારો વિચારવાની ખાસ જરૂર છે અને જરૂર પડે તો તે માટે વધુ નાણાંકીય જોગવાઈ પણ કરવી પડશે. હાલમાં રાજ્ય અને કેન્દ્ર સરકારનો કુલ શિક્ષણ પાછળનો ખર્ચ નવી શિક્ષણ નીતિમાં અપેક્ષિત રેશિયા કરતા ઓછો છે. આ દિશામાં ક્રમિક વધારો કરવો જ પડશે. બજેટની સાથે સાથે ગયા મહિને યુનિફાઇડ ડિસ્ટ્રીકટ ઈન્ફરમેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન (યુડીઆઈએસઈ) પ્લસનો અહેવાલ પ્રગટ થયો છે. આ અહેવાલમાં જણાવ્યા મુજબ શાળાઓની ભૌતિક સુવિધામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. સાથે સાથે ઈન્ટરનેટ એક્સેસ અને બીજા ઉપકરણોની સુવિધામાં પણ વધારો થયો છે. પરંતુ વધારે ચિંતાનો વિષય ડ્રોપ આઉટ રેશિયામાં દરેક તબક્કે ઘટાડો જોવા મળે છે. પણ તે ઘટાડો સંતોષકારક નથી. પ્રાથમિક શાળામાં આ દર ૫.૨ ટકા છે અને માધ્યમિકમાં આ દર ૧૦.૯ ટકા સુધી પહોંચ્યો છે. વિદ્યાર્થીની નોંધણી અંગે પણ આંકડાઓ સંતોષકારક નથી. અમારા મત મુજબ જે આંકડા ઉપલબ્ધ છે તેની ગુણવત્તા ઉપર પણ પ્રશ્નાર્થ તો છે જ.

વિદ્યાર્થી શિક્ષકના ગુણોત્તર બાબતમાં વિવિધતા જોવા મળે છે. કેટલાક રાજ્યોની પરિસ્થિતિ સારી છે. પરંતુ અંતરિયાળ ગામોમાં વિદ્યાર્થી-શિક્ષક રેશિયો સંતોષકારક નથી. આજે પણ કેટલાક વિસ્તારોમાં માત્ર એક શિક્ષકવાળી શાળાઓની સંખ્યા વિશેષ છે.

સમગ્રપણે વિચાર કરીએ તો શિક્ષણક્ષેત્રે હજી ઘણી લાંબી મજલ કાપવાની છે. પ્રજાકીય ભાગીદારી અને સરકારના સહિયારા પ્રયત્નથી આ શક્ય બની શકે. નવી શિક્ષણનીતિના ઉદ્દેશો ૨૦૩૫ સુધીમાં પૂરા કરવાના છે. તે માટે હજી ઘણું કરવાનું બાકી છે.

# દાદા સદાબહાર

- ઈશ્વર પરમાર

''નામે નર્તક પણ નાચમાં ઠેકાણું નૈં,
પુત્તર પ્રભુનો, પરભુને પિછાણું નૈં.
અટકે અબુડ પણ તરવું જાણું નૈં,
નાક મારું નાનું નૈં છો મોટું ગણાણું નૈં.''

પોતાની ઓળખ આ રીતે આપનાર સદાબહાર શિક્ષક શ્રી નટવરલાલ પ્રભુલાલ બુચને બા-અદબ સલામ સાથે કહેવાઇ જવાય છે :

બુચદાદા, આપની ઓળખ સાંભળીને કૌતુક સાથે હસી લઇએ પણ તે સાથે સંમત તો ન જ થઇએ! નાચને સમતુલા સાથે સંબંધ હોય તો તે આપે જીવનમાં કેળવી છે; આપ આપના વિદ્યાર્થીઓમાં સદા પરભુનાં દર્શન કરતા રહ્યા છો; અનેકોની જીવન-નાવડીને તરતી કરનાર આપ કુશળ તરવૈયા છો; મા ગુર્જરીના વિદ્યાલંકાર સમી સંસ્થાઓ દક્ષિણામૂર્તિ-ઘરશાળા-લોકભારતીના જ નહીં, આપ તો સમગ્ર શિક્ષકજાતનું નમૂનેદાર નાક છો!

શિષ્ય-સમર્પિત આવરદાની શતાબ્દીના છેલ્લા દસકામાં મંગળ પ્રવેશ કરી ચૂકેલા એકાણું વર્ષના બુચદાદાએ પોતાના પાંસઠ વર્ષના શિક્ષકજીવન દરમિયાન અનેકનાં જીવતરને અજવાળ્યાં છે. એમના દીર્ઘ જીવનમાં ઘટનાઓ પ્રમાણમાં અલ્પ બની છે પણ એમના થકી અનેકનાં જીવનમાં યાદગાર ઘટનાઓ ઘણી બન્યા કરી છે! વહાલા વિદ્યાર્થીઓને એમણે જરૂર લાગી ત્યારે સજોડે શીતળતા આપી ને જરૂર જણાઇ ત્યારે હૂંફ!

વિદ્યાર્થીઓના વિસામા જેવા આ બુચદાદાનો જન્મ પોરબંદરમાં તા.૨૧-૧૦-૧૯૦૬ના દિને થયો હતો. માતા મમતામયી : હીરાલક્ષ્મીબહેન. પિતા ગોંડલ રાજ્યના એક વડા પોલીસ અમલદાર : પ્રભુલાલભાઈ. એક દિવસ ટપાલીએ આપેલ તાર વાંચીને એમણે પાંચ વરસના એકમાત્ર પુત્રને કહ્યું : ''લ્યો નટુભાઈ, તમારી સગાઇ થઈ!' તે વખતે માસ્ટર નટવરલાલ ઉપર અર્ધા અંગ શ્વેતાંબર ને નીચે આખા દિગંબર પોશાકમાં સજ્જ હતા!

નટવરના પ્રાથમિક શિક્ષણનો આરંભ ધોરાજી-ઉપલેટા પાસેના પાટણવાવ મુકામેથી થયો. જરી ભરેલાં લાલ મખમલનાં કોટ-પાટલૂન પહેરીને નટુ બાળપોથીના વર્ગમાં બેઠો ને તે દિ' નિશાળ આખીને સાકર વહેંચાઇ! પોલીસ-લાઇનનાં બાળકો સાથે ઉછરતો નટુ અહેતુક ગાળો બોલતાં શીખ્યો પણ પરિવારનાં વિનયી, ધાર્મિક ને સંસ્કારી વાતાવરણે કવચનું કામ કીધું ને તે બૂરી સંગતના પ્રભાવથી મુક્ત થવા પામ્યો.

પાટણવાવમાં બે'ક વર્ષ ભણ્યા પછી પિતાજીની બદલી ધોરાજી મુકામે થઈ. અહીં ત્રીજા ધોરણ સુધી અભ્યાસ કર્યો. હવે પિતાજીને ઈન્સ્પેક્ટર તરીકે બઢતી મળતાં બુચ-પરિવાર ગોંડલમાં સ્થાયી થયો.

નટવરની વય માત્ર અગિયાર વર્ષની હતી ત્યારે, દુર્ભાગ્યે, માતા હીરાલક્ષ્મીબહેનનું અવસાન થયું. સંસ્કારી પિતાએ પુત્ર નટવરનો

સભાન ઉછેર કરવા માંડ્યો. એ અમલદાર પિતાએ, ઘરકામ માટે નોકરો હાજર રહેતા છતાં, પુત્રને પોતાની પથારી ઉપાડવાની ટેવ પાડી!

અભ્યાસમાં નિયમિત અને સદા પ્રથમ રહેતા નટવરમાં સહાધ્યાયીઓની સાથે સ્પર્ધાની નહીં, સહયોગની ભાવના કેળવાઈ હતી. ગોંડલની - તે કાળમાં ગરાસિયા કૉલેજ તરીકે ઓળખાતી - હાઈસ્કૂલમાંથી એમણે મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી. (૧૯૨૩) તે કાળમાં પ્રશ્નપત્રો પર પ્રાશ્નિકોનાં નામ પણ છપાતાં! મૅટ્રિક્યુલેટ નટવરલાલનાં લગ્ન થતાં તેઓ સત્તરમા વર્ષે સદ્‌ગૃહસ્થ પણ થયા!

ગોંડલ રાજયના તત્કાલીન મહારાજા ભગવતસિંહજી જાડેજાએ મહારાષ્ટ્રની ડેક્કન એજ્યુકેશન સોસાયટીને વીસ હજાર રૂપિયાનો ફાળો આપ્યો હતો તેથી તેમની રૈયતના દસ વિદ્યાર્થીઓને પુણેંમાં રહેવા-ભણવાની નિઃશુલ્ક સવલત મળતી. આનો લાભ લેવા અને કાઠિયાવાડ કરતાં વધુ વિશાળ ક્ષેત્ર મેળવવા પિતાજીએ પુત્ર નટવરલાલને પુણેંની ફર્ગ્યુસન કૉલેજમાં ઉચ્ચ અભ્યાસ અર્થે મોકલવાનું પસંદ કર્યું.

અહીંની કૉલેજના વિદ્વાન પ્રાધ્યાપકોની સાદાઈ અને સેવાભાવનાથી નટવરલાલ ખૂબ પ્રભાવિત થયા. આ સમયથી તે સ્વામી રામતીર્થ અને મહાત્મા ગાંધીજીથી વિશેષ પ્રભાવિત થયા. જો કે તે પોતે સત્યાગ્રહમાં જોડાયા ન હતા પણ અસ્પૃશ્યતાનિવારણ જેવા વિચારોની સાથે ખાદી અને સ્વદેશી ચીજોનો જ વપરાશ અપનાવ્યો હતો.

તે કાળમાં 'ફર્ગ્યુસન કાલેજ કચ્છ-કાઠિયાવાડ સ્ટુડન્ટ્સ ઍસોસિયેશન' શરૂ થયેલું. તેના મુખપત્ર 'ઉષા'ના તંત્રીપદે નટવરલાલ બુચ રહેતા. આ નિમિત્તથી એમણે હળવું સાહિત્ય લખવાનો સફળ આરંભ કર્યો. આમ પૂણેંમાં રહીને નટવરલાલ સંસ્કૃત અને અંગ્રેજી સાથે બી.એ. (૧૯૨૭) અને પછી એમ.એ. (૧૯૨૯) થયા. (આ પછી સાઠેક વર્ષો વીત્યા પછી સને ૧૯૯૨ના અરસામાં પૂણેંની મુલાકાતે ગયેલા. છયાસી વર્ષના બુચદાદાએ પોતે જે હોસ્ટેલ-રૂમમાં રહેતાં તેમાં જઈને બે છાત્રો સાથે ચા પીધી ને તેમને બે મરાઠી પુસ્તકો ભેટ આપ્યાં!)

એમ.એ. પાસ થયેલા યુવાન નટવરલાલ પ્ર.બુચ જીવનના એક એવા ચોકમાં આવી ઊભા કે જ્યાંથી આગળ ચાલવાનો વ્યવસાય-પંથ પસંદ કરવાનો હતો. આ તબક્કે એમને થયું : મારે ન તો સરકારી નોકરી કરવી છે કે ન તો રજવાડી ચાકરી. કરવું કામ તો કોઈ રાષ્ટ્રીય સંસ્થામાં જ... નથી તો મેં સત્યાગ્રહની કોઈ લડતમાં ભાગ લીધો, નથી જેલમાં ગયો; તેના પ્રયાશ્ચિતરૂપે રાષ્ટ્રીય સંસ્થામાં રહીને બનતી સેવા આપીને સાર્થક થાઉં એ જ ઠીક લાગે છે - ભલે ને તેથી, આવક ઓછી રહે! - આમ વિચારતા ચોવીસ વર્ષના નટવરલાલને એવી તો કોઈ કલ્પના જ ન હતી કે રાષ્ટ્રીય સંસ્થામાં શું કામ મળે ને શું કરી શકાય! શિક્ષક થવાનું તો મનમાંય નહીં : માત્ર, રાષ્ટ્રીય સંસ્થામાં જોડાઈને ધન્ય થવું એટલી જ વાત!

''મારી ઈચ્છા કોઈ રાષ્ટ્રીય સંસ્થામાં જોડાવાની છે, પિતાજી.'' પૂણેંથી પરત ગોંડલ આવીને નટવરલાલે પિતાજીને વાત કરી. પિતા પ્રભુલાલ તે વખતે ગોંડલ રાજ્યના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ હતા. આથી એમની સંમતિ

મળશે કે કેમ તેની પુત્રને મૂંઝવણ તો હતી જ. પિતાજીએ અણધાર્યો પ્રતિભાવ આપ્યો : ''ખુશીથી; જેમ કરવું હોય તેમ કરજો, હું તમને મદદ કરીશ.''

પિતાજીએ રાષ્ટ્રીય સંસ્થાઓનો સંપર્ક ધરાવતા પોતાના એક મિત્રને વાત કરી. એ મિત્રે ઋષિવર્ય નાનાભાઈ ભટ્ટ સાથે નટવરલાલની મુલાકાત ગોઠવી આપી. તે ભાવનગર જઈને તેમને મળ્યા. નાનાભાઈએ નટવરલાલને પ્રયોગશીલ કેળવણીકાર હરભાઈ ત્રિવેદી પાસે મોકલ્યા. એમને મળીને નટવરલાલ પાછા ગોંડલ આવ્યા. થોડા દિવસ પછી, ભાવનગરથી પત્ર આવ્યો. તેમાં દક્ષિણામૂર્તિ-વિનય-મંદિરમાં શિક્ષક તરીકે હાજર થવાની સૂચના હતી. આમ ૧ લી જૂન, ૧૯૩૦થી નટવરલાલ પ્ર. બુચના શિક્ષક-જીવનનો આરંભ થયો.

તે વખતે વિનયમંદિરમાં હરભાઈ ત્રિવેદીની દૃષ્ટિ અને દોરવણી મુજબ સ્વાધ્યાય યોજના (ડૉલ્ટન પ્લાન) દ્વારા અધ્યાપન થતું. બુચભાઈએ તે અંગેનું સાહિત્ય વાંચી-સમજીને સહયોગ શરૂ કર્યો અને પોતાનામાં રહેલ શિક્ષકત્વને વિકસાવવા અને વિસ્તારવા માંડ્યું.

દક્ષિણામૂર્તિ સંસ્થામાં શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે અહૈતુકી મૈત્રીભાવનાને સાકાર સ્વરૂપે જોઈને બુચભાઈએ ભારે ધન્યતા અનુભવી. અહીં વિદ્યાર્થીઓને ગુરુજનો માટે ભક્તિભાવ ખરો પણ તે ભયપ્રેરિત કે ભયમિશ્રિત નહીં. થોડા વખતમાં જ સંસ્થાના વાતાવરણ સાથે સમરસ થઈને નટવરલાલભાઈ સૌના પ્રિય બુચભાઈ બની ગયા. એમને થવા માંડ્યું : જે દુનિયાનો જીવ હું હતો તે જ દુનિયા મને સામે ચાલીને મળી ગઈ! પરીક્ષા વખતે અહીં શિક્ષકો પ્રશ્નપત્રો આપીને પોતપોતાના કામે ચાલ્યા જતા ને વિદ્યાર્થીઓ સમય પૂરો થયે ઉત્તરવહીઓ સોંપી જતા!

દક્ષિણામૂર્તિ વિનયમંદિરના આચાર્ય હરભાઈ શિક્ષકોને મિત્ર માનતા. તેમનો વ્યવહાર પ્રેમ અને વિશ્વાસમંડિત. વિનયમંદિરના સહકાર્યકરો વચ્ચે પણ ખૂબ નિખાલસ અને મૈત્રીભર્યા સંબંધો હતા. બપોરની ચા-મંડળી, શિક્ષક-મંડળની બેઠકો, વિવિધ ઉત્સવોની તૈયારીઓ; બધુ આનંદભેર ચાલતું હતું.

... પરંતુ સંજોગોવશ દક્ષિણામૂર્તિ વિનયમંદિર બંધ થયું. (૧૯૩૯) આ સંસ્થામાં નવ વર્ષના ગાળે, અનૌપચારિક ઢબે બુચભાઈનું વગર તાલીમે, તાલીમી શિક્ષકથીય વિશેષ સજ્જ શિક્ષક તરીકેનું ઘડતર થયું.

હવે હરભાઈ ત્રિવેદીએ ભાવનગરમાં જ 'ઘરશાળા' સંસ્થા શરૂ કરી. તેમાં પોતાના પરમ મિત્ર મૂળશંકરભાઈ ભટ્ટ સાથે બુચભાઈ જોડાયા. અહીં પણ દક્ષિણામૂર્તિ વિનયમંદિરનું મૈત્રીભર્યું વાતાવરણ જળવાઈ રહ્યું હતું. તેમાં જિજ્ઞાસુ શિક્ષકો રિસેસમાં લલિત શાહ નામના જોડણી-નિષ્ણાત વિદ્યાર્થી પાસે ડાહ્યાડમરા થઈને નિઃસંકોચ ભણવા બેસી જતા; શિક્ષકોમાં બુચકાકા એટલે રમૂજના રસગુલ્લા! એક વખત આચાર્ય રઘુભાઈ નાયકે પ્રાર્થનામાં જાહેરાત કરી : ''હવેથી ગણવેશમાં ચડ્ડી પહેરવાની રહેશે.''

કોઈ વિદ્યાર્થી બોલી ઊઠ્યો : ''પાટલૂન નહીં? ચડ્ડી?''

બુચકાકા કહે : ચડ્ડી એટલે અડધું પાટલૂન! આડું અડધું પાટલૂન પહેરવાનું છે, અડધું ઊભું નહીં!''

ઘરશાળા સાથે, તેના તે વખતના સાથીદારો સાથે, ને વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ સાથે

બુચકાકાને પૂરી આત્મીયતા હતી. પણ મનમાં એક ઇચ્છા ઢાંકી રાખી હતી કે તક મળે તો ગામડાંમાં ચાલતી, ગામડાંનાં વિદ્યાર્થીઓ માટે ચાલતી સંસ્થામાં કામ કરવા જવું. તેમના પરમ મિત્ર મૂળશંકરભાઈ ઘરશાળા છોડી આંબલા ગયા હતા. (૧૯૪૫) ત્યારથી તેમની આ ઇચ્છા વધુ પ્રબળ બની હતી. સને ૧૯૪૮ પછી નવા સૌરાષ્ટ્ર રાજ્યના શિક્ષણમંત્રી તરીકે નાનાભાઈ ભટ્ટ એક વર્ષ રહ્યા હતા. સૌરાષ્ટ્ર રાજ્યે નઇ તાલીમને યોગ્ય શિક્ષકો તૈયાર કરવાની જવાબદારી નાનાભાઈની આંબલાની સંસ્થાને સોંપવાની તૈયારી બતાવી. આથી નઇ તાલીમ પ્રાથમિક અધ્યાપન મંદિર આંબલામાં શરૂ કરવાનું નક્કી થયું. યોગ્ય શિક્ષકોની જરૂર પડી. બુચકાકાને તેમાં જોડાવાની તક મળી.

ગ્રામપ્રદેશમાં શિક્ષણકાર્ય કરવાનું પોતાનું મન હતું તેથી ઘરશાળા છોડીને આંબલા જવાનું એમણે નક્કી કર્યું. પોતાના નિર્ણયની જાણ કરવા અને તે માટે રજા આપવાની વિનંતી કરવા માટે તેઓ સખેદ હરભાઈ પાસે ગયા.

હરભાઇએ કશી જ ચર્ચા કર્યા વિના પ્રસન્નતાપૂર્વક રજા આપતાં બુચકાકાને કહ્યું, ‘‘ખરી રીતે તો મારે ગામડાંમાં બેસી કામ કરવું જોઈએ, પણ મારી કેટલીક મર્યાદાને કારણે હું જઈ શકતો નથી. તમે તો મારું જ કામ કરવા જાઓ છો, ખુશીથી જાઓ.’’

આમ હરભાઇના આશીર્વાદ લઇને બુચકાકા તા.૧-૬-’૪૮થી આંબલાની ગ્રામ દક્ષિણામૂર્તિ સંસ્થામાં શિક્ષક તરીકે જોડાયા. આમ ભાવનગરમાં અઢાર વર્ષ રહી જે ઉદાત્ત હેતુસર તેઓ આંબલા ગયા; આમ છતાં ઘરશાળા છોડતી વખતે તો જાણે એમણે પોતાને ઉતરડવા પડ્યા!

આંબલામાં પણ ઘરશાળા-ભાવનગરમાં અનુભવી હતી તેવી શિક્ષણનિષ્ઠા અને મૈત્રીપૂર્ણ વાતાવરણ હતું. અહીં મૂળશંકરભાઇ ઉપરાંત નાનાભાઇ, મનુભાઇ પંચોળી (દર્શક) વગેરે વિદ્યાપ્રેમીઓ પૂર્વપરિચિત હતા. ખાદી પહેરવી, કાંતવું, જાતમહેનત અને સમૂહમાં શ્રમ જેવી બાબતો બુચકાકાના જીવનમાં જડાઇ ચૂકી હતી. અહીંના ગ્રામ્ય પરિવેશમાં ગ્રામસંપર્ક, ખેતી, ગોપાલન, વાઢ, લણણી વ. બાબતો અનાયાસ અપનાવાઇ ગઇ.

ભાવનગરથી આંબલા આવેલા વક્ત કે પાબંદ બુચકાકા પાસે ત્યારે ચાર ઘડિયાળો હતી ને સંસ્થા પાસે એક જ! એમની બધી ઘડિયાળોએ સમય દર્શાવવાની બાબતે હળીમળીને રહેવું પડે; પંદર સેંકડનોય ફરક પાડતી ઘડિયાળને બુચકાકા ગંભીર દર્દી માને ને તેની સારવાર કરાવવા મથે!

ધીરજપૂર્વક સરળ સુબોધ શૈલીમાં હાસ્ય-છાંટ સહિતનું અધ્યાપન કરતા અધ્યાપક બુચકાકા લોકશાળાના આચાર્યપદની જવાબદારી નભાવતા. સમગ્ર સંસ્થાના ઉપનિયામક પણ તેઓ ખરા.

બુચકાકાનાં જીવનસાથી પુષ્પાબહેન અહીં સૌનાં આદરણીઆ પુષ્પામાસી કહેવાતાં. આ નિઃસંતાન દંપતીનો વાત્સલ્યભાવ છાત્ર-છાત્રાઓ પર સદા વરસતો રહેતો.

એક વખત સાતેક છાત્રો સાથે તેઓ બંને સોનગઢના પ્રવાસે ગયેલા. તેમની માતૃવત્ કાળજી લેતાં પુષ્પામાસીને કોઇ બહેને પૂછ્યું, ‘‘બધાય તમારા?’’

એકને માથે હાથ ફેરવતાં માસી કહે - ‘‘હા, બધાય મારા!’’

‘‘પણ બધાય સરખા?’’

આ વાતચીતમાં વચ્ચે ટપકીને બુચકાકા કહે : 'ન માન્યા તે આ બધાય સાથે આવ્યા!''

છાત્રોમાં પ્રભુદર્શન કરતા બુચકાકાની ધીરજ અપાર. મા-બાપ વગરના એક વિદ્યાર્થીને તેના દાદા આંબલા મૂકી ગયા. બુચકાકાએ લાડકોડમાં ઉછરેલા તે જિદ્દી કિશોરને પોતાની થાળી માંજતો કર્યો. કાંતણ વખતે બુચકાકા સામે તે યરવડાચક્ર લઈને બેસતો. ફાવતું નહીં; તેથી ચરખાપેટી એક બાજુ મૂકી દે ને બુચકાકાના તાર તોડ્યા કર્યા કરે - સતત. ધૈર્યવાન બુચકાકાએ તેને તાર કાઢતો કર્યો. બીજા એક સુગાળવા તરુણ વતી છ માસ લગી બુચકાકાએ તેના ભાગે આવેલું સંડાસ-સફાઈનું કામ કરેલું!

વધતી વયે કાકામાંથી દાદાના દેખાવમાં ફેરવાતા જતા બુચદાદા કેટલાક છાત્રોની આર્થિક જવાબદારી ઓઢી લેતા. કોઈ પૂર્વ વિદ્યાર્થીના બાકી રહેતા લોનના હપ્તા ભરી દીધા હોય કે કોઈ વિદ્યાર્થીએ સંસ્થાનાં નળિયાં-છાપરાં તોડ્યાં હોય તો તેનો દંડ પણ ભરી દીધો હોય!

દમના દર્દી છાત્રને શ્રમકાર્યમાંથી મુક્તિ ઉપરાંત પુષ્પામાસીના હાથેથી આદુ-મધ પણ મળે. અટૂલા પડતા છાત્રને હેતપૂર્વક ઘેર બોલાવીને હાંડવા ખવડાવવાની સાથે તેને હિંમતથી ભરી દે. પછાત ગણાતી જાતનાં બાળકો સાથે એમને વિશેષ પ્રેમ, બાળકોની દુનિયામાં મસ્ત બુચદાદાને એક બાળકે ફરિયાદ કરી, ''ઓલ્યો મને ભૂંડ કે' છે!''

''તારું બીજું વધારે સારું નામ શોધી આપીશ, હોં ને!''

પોતાની હાજરીમાં જ નહીં ગેરહાજરીમાં પણ પ્રેરક પ્રભાવ છાત્રચિત્ત પર પાથરી શકતા બુચદાદાને બા-અદબ સલામ! એક છાત્રે સંસ્થા દ્વારા યોજાયેલ પ્રવાસમાં જોડાવા માટે ઘેરથી થોડા રૂપિયા મંગાવેલા. ઘેરથી જવાબ આવ્યો : ''હમણાં અહીં તંગી છે તેથી તું પ્રવાસે જવાનું બંધ રાખે તો સારું.''

સંસ્થામાં નાનાં-મોટાં શ્રમકાર્ય કરીને ભણતરનું ખર્ચ કાઢતો આ દિનકર શાહ નામનો તરુણ છાત્ર એક્કો હાંકીને સંસ્થાનો સામાન લેવા જતો હતો. ઘેરથી આવેલો પત્ર ખિસ્સામાં પડ્યો પડ્યો ચટકા ભરતો હતો. તેની ઉદાસ આંખોએ જોયું કે પાછળથી કોઈ સાઈકલસવાર એક્કાની આગળ નીકળી ગયો ને તેની પાછળ પડ્યું રહ્યું તેના ખિસ્સામાંથી સરી પડેલું પાકીટ! એક્કામાંથી ઊતરીને તેણે તે પાકીટ હાથ કરી લીધું. પ્રવાસ માટે જરૂરી પ્રાણવાયુ મળી ગયો!

એક્કો આગળ વધ્યો પણ વાટ પરની ડમરી તેના દિલ-દિમાગમાં ઊતરી પડી. તેની આંખોથી આંસુ વહ્યાં : હું બુચદાદાનો શિષ્ય ને હું આવું કરું? તરત એક્કો પૂરપાટ દોડાવીને સાઈકલસવારને પાકીટ પરત કર્યું.

આવા તો અનેકાનેક તરુણ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ પર અદીઠ પ્રેમ પ્રભાવ પાથરતા રહેતા બુચદાદા બુચમામા પણ કહેવાતા. ગ્રામ દક્ષિણામૂર્તિના સંનિષ્ઠ કાર્યકર ગુણવંતભાઈ ઉપાધ્યાય કેન્સરવશ અકાળે અવસાન પામ્યા ત્યારે (૧૯૬૦) તેમના વિધવા પત્ની અને નાનાં પાંચ સંતાનોનો સહારો બુચદાદા ને પુષ્પામાસી બન્યાં. બુચદાદા એ પાંચેયના મામા બન્યા ને હૂંફ આપતા રહ્યા.

ગ્રામ દક્ષિણામૂર્તિ-આંબલામાં બાર વર્ષ (૧૯૪૮-'૬૦)ના એક તપ પછી એમણે લોકભારતી-સણોસરાના અધ્યાપક, આચાર્ય ને થોડાં વર્ષો (૧૯૬૦-'૬૩) ઉપનિયામક

તરીકેની ફરજ બજાવી. મૂળેથી જ એમને સત્તાનો શોખ નહીં, કેવળ કર્તવ્યભાવનાથી પ્રેરાઈને, સોંપાયું તે સ્વીકાર્યું.

ઉપનિયામક બુચદાદા નિયત સમયે પોતાના કાર્યાલયમાં હાજર હોય જ; ત્યાંથી વર્ગ લેવા જાય; વર્ગમાંથી પાછા કાર્યાલયમાં કાર્યરત સાથી (પ્યૂન) બીજે કોઈ કામે ગયા હોય તો તેઓ જાતે કાર્યાલય-ખંડ ખોલે, વાળે ને તેમાં ગાદી-તકિયા ગોઠવે, સમય થયે ખંડ જાતે વાસે. બધું કામ ઘડિયાળને કાંટે કરવાની ચીવટ.

ઉપનિયામક તરીકે વિશેષ સવલતો મેળવવાની કે ભોગવવાની બુચદાદાને લાલસા નહીં. આણંદ શહેરમાંથી સંસ્થામાં જોડાયેલા અધ્યાપકને બુચદાદા કહે : ''તેમને કદાચ અગવડ જેવું લાગતું હશે. એમ કરો, મારા મકાનમાં તમે રહેવા આવી જાવ; અમે બે જ જણ છીએ ને તમે બચરવાળ; વળી શહેરમાંથી આવો છો.''

સામે પણ તેવું જ સૌજન્ય : ''ના બુચદાદા, તેવી જરૂર નથી, હવે ટેવાવા લાગ્યા છીએ.''

ગણિતથી માંડીને ગાંધીવિચાર સુધીના વિષયો શીખવનાર શિક્ષક બુચદાદાનું ગુજરાતી, હિંદી, સંસ્કૃત ને અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ અદ્ભુત. નેવું વરસની ઉંમરે ફ્રેંચ ભાષા શીખવાનો આરંભ કરેલો એમણે. આંખે સાથ આપ્યો ત્યાં લગી અધ્યયનરત રહ્યા.

શિક્ષક બુચદાદાએ પોતાની સમગ્ર કારકિર્દી દરમિયાન કદી કોઈ વિદ્યાર્થીને આંગળી સરખી અડાડી નથી; ધબ્બા જરૂર માર્યા છે પણ તે હેતના, દોસ્તીના. 'વિદ્યાર્થીને દૂભવવા તે તો ભગવાનને દૂભવવા બરાબર' - એમ માનતા બુચદાદા સાથે ગમે તે વયના શિક્ષક કે વિદ્યાર્થીને, સ્ત્રી કે પુરુષને, અધિકારી કે નોકરને એવી આત્મીયતા અનુભવાય કે એમની પાસે સૌ મન ખોલે, હળવા થાય ને શક્ય ઉકેલ પણ મેળવે. લગ્નજીવન અંગેના આટાપાટામાંથી તો તેમણે અનેકને ઉગાર્યા.

જેમ શિક્ષણની પદ્ધતિ-પ્રયુક્તિઓ તેમ સંગીતના રાગ-તાલ બુચદાદા જાણે ને માણે. એમના મધુર કંઠે ગવાયેલાં ભજનો હજુ સેંકડો છાત્રોના કાનમાં ગૂંજે છે. બુચદાદા સને ૧૯૩૦-૫૦ના ગાળામાં વિદ્યાર્થીઓ સાથે નાટકમાં પણ ભાગ લેતા. જાણીતા નર્તક ધરમશીભાઈ શાહ સાથે તત્કાળ પ્રહસન ગોઠવીને લોરેલ-હાર્ડીની અદાથી એવી જમાવટ કરે પ્રેક્ષકો ખુશખુશ. 'મોરના ઈંડા' નાટકમાં એમની ગંભીર ભૂમિકાને ઝવેરચંદ મેઘાણીએ પણ દાદ આપી હતી.

આંબલા-સણોસરા વચ્ચેનું નવ કિલોમીટરનું અંતર શક્ય બન્યું ત્યાં લગી ચાલીને તેઓ ત્યાં જાય કે આવે. આંબલાથી સણોસરા લોકભારતીમાં આવ્યા તે ગાળે (૧૯૬૦-'૬૮) અધ્યાપક તરીકેની તેમની સેવાઓ તો અખંડ જ રહી. તેમનો ખાસ વિષય અંગ્રેજી કોઈ છાત્ર સ્વાધ્યાય તૈયાર કરી ન શક્યો હોય તો બુચદાદા જાતે તેને ગોતે. તેના હાથમાં સંદર્ભગ્રંથ અને કોરા કાગળ મૂકે ને સ્વાધ્યાય પતાવવા આગ્રહ કરે. આ જોઈને ક્યારેક કોઈ સહકાર્યકર કહે : ''તમે આટલી ઉદારતા ન રાખતા હો તો?''

''ભાઈ, આ ઉદારતા વિદ્યાર્થી માટે નહીં, મારા માટે રાખું છું!''

સને ૧૯૬૮માં નિવૃત્ત થઈને એમણે દોઢેક માસ લોકભારતીથી બહાર રહેવાનું પસંદ કર્યું જેથી તેમના અનુગામી ને વહીવટકારો પોતાની

રીતે માળખું ગોઠવી શકે. ડિસેમ્બર '૬૮થી તે ૧૯૮૧ સુધી બુચદાદાએ આંશિક અધ્યાપક તરીકે સેવાઓ આપી.

દરમિયાનમાં, સને ૧૯૭૫માં, બુચદાદાનાં જીવનસાથી પુષ્પાબહેને - પરિવારનાં માતાતુલ્ય માસીબાએ - ચિરવિદાય લીધી. જીવનના ઓગણોસિતેરમા વર્ષે આ કારમા આઘાતને એમણે લોકભારતીના ખોળામાં જીરવી લીધો. બાવન વર્ષના ખંડિત દાંપત્યની વેદના તેમના પૂર્વ વિદ્યાર્થીઓએ જાણે કે વહેંચી લીધી.

સને ૧૯૮૦માં મુંબઇ મુકામે 'ભાઈ' મૂળશંકર ભટ્ટ અને બુચદાદા સાથેનું સ્નેહમિલન યોજાયું હતું. પૂર્વ વિદ્યાર્થીઓ પોતાનું પદ અને પ્રવૃત્તિઓ ભૂલીને ઉંમર ઓગાળવાને ઊમટી પડ્યા; ત્રીસેક આવશે એમ આયોજકોએ ધારેલું; આવી ઊભા ત્રણસો! બંને શિષ્ય સમર્પિત ગુરુજનો તેમની ભાવગંગાના તરંગોને અનાસક્તભાવે નીરખી રહ્યા!

સને ૧૯૮૧થી બુચદાદા, વિના વેતને લોકભારતીમાં માર્ગદર્શન આપતા રહ્યા છે; એમની હાજરી માત્રથી લોકભારતીમાં વિશેષ સ્ફૂર્તિનો સંચાર થયા કરે છે. સ્વયં સ્ફૂર્તિલા દાદાએ ચોર્યાસી વર્ષ પૂરાં થયાં (૧૯૯૦) ત્યારે જે કાવ્ય દ્વારા પોતાનો મનોભાવ વ્યક્ત કર્યો તેનો આ અંશ :

''ચાર વીહું ને ચાર વરહું ઘોડો હાંકિયો,
જીવાજી અસવાર! અવ ઘોડેથી ઊતરો.
લીધો-દીધો પ્રેમવાટ વટ્યા હળવે મને,
પ્રેમ જ આપણ ક્ષેમ, એના ધરવ ન સાંભળ્યા.
આમ કહો તો એકલા, દુનિયાને વહેવાર,
પણ છૈંયે અન-એકલા પ્રેમાવરણ વચાળ.
જાવાને તૈયાર, રહેવામાં વાંધો નથી,
જીવાજી અસ્વાર! હળવે હૈયે હાલશું!
લગામ રાખી હાથ, હાંક્યે રાખો ટારડું,
નટનાગરના નાથ! ઈશારે અટકી જશું.''

આ વહાલા જીવાજી અસવારની શૈક્ષણિક સૂઝ અને સંગીન પ્રદાનને લક્ષમાં લઈને દર્શક ફાઉન્ડેશને સને ૧૯૯૫ના વર્ષનો શિક્ષણ માટેનો ઍવોર્ડ નેવું વરસના બુચદાદાને અર્પણ કરવાનું ઠરાવ્યું. આ ઠરાવની એમને પછીથી જાણ થઈ ત્યારે એમણે હળવાશથી કહ્યું : ''ભલા માણસ, ઍવોર્ડ અંગે આગળથી તો કેવું' તું! તમે તો બારોબર સગપણ કરી નાખો એવા છો!'' અમદાવાદ મુકામે તા.૧૩-૪-'૯૬ના અર્પિત થયેલ ઍવોર્ડ નિમિત્તેની સભામાં એમણે કહ્યું :

''વર્તમાન શિક્ષણની મોટી ખામી : માનવી માનવી વચ્ચેના નરવા સંબંધની અવગણના થઈ છે તે છે. કોઇ એક જ શબ્દથી આ સંબંધ દર્શાવવો હોય તો બુદ્ધ ભગવાને પ્રબોધેલો ''મૈત્રીભાવ'' શબ્દ હું પસંદ કરું... મને લાગે છે કે માસ્તરનો, આચાર્યનો અને તંત્રવાહકોનો ધર્મ છે કે તેમણે સમજણપૂર્વક આ માનવીય સંબંધની ઉપયોગિતાને સ્વીકારવી અને તેવો સંબંધ મૂર્ત કરવાની દિશામાં આગળ વધવું. આવા માનવકેન્દ્રી શિક્ષણની વિધિ માટે શિક્ષણનું સૂત્ર : મૈત્રીભાવ + શિક્ષણ = કેળવણી રહે એ યથાર્થ છે.''

ઉક્ત સન્માનને અનુસરીને લોકભારતીના સારસ્વત આચાર્ય મનસુખભાઈ સલ્લાએ સર્વગ્રાહી લેખ લખ્યો : ''સો ટચના શિક્ષક : બુચદાદા'' તે શીર્ષક વિશે પ્રતિભાવ આપતાં બુચદાદા કહે, ''મનસુખભાઈ, આજે મોરારજી

દેસાઈ હયાત હોત તો મને સો ટચનો જાણીને જેલમાં જ પૂરી દેત; હા, ત્યાં મને કદાચ એમણે એવોર્ડ આપ્યો હોત!' - આવા તેવા બુચ કા ટુચકાનો તો પાર નથી!

લેખક તરીકે બુચદાદા-નટવરલાલ પ્ર. બુચ ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. અગિયાર જેટલા અંગ્રેજી ગ્રંથોનો અનુવાદ, બે પરિચય પુસ્તિકાઓ, અને ખાસ કરીને હળવી હાસ્યરચનાઓ જેમ કે રામરોટી, બનાવટી ફૂલો, રામરોટી ત્રીજી, છેલવેલ્લું, કાગળનાં કેસૂડાં, હળવાં ફૂલથી તેઓ વિશેષ લોકપ્રિય લેખક સિદ્ધ થયા છે. હાસ્યસમ્રાટ જ્યોતીન્દ્ર દવેએ એમને સલામી આપતાં કહેલું : ''બુચભાઇ, તમે ઓછું લખ્યું છે, નહીંતર આજના આ જ્યોતીન્દ્ર દવેને છે તેવું સ્થાન-માન મળ્યું ન હોત!''

સ્થાન-માનની બાબતે બેદરકાર બુચદાદાની સંગત સદાબહાર. એ ફરી ફરીને માણવાનું મન થાય. આથી એમના પૂર્વ વિદ્યાર્થીઓ અને ચાહકોએ તા. ૨૬ ને તા. ૨૭ ઓક્ટોબર '૯૬ના દિવસે લોકભારતી - સણોસરા મુકામે 'બુચદાદા સાથે સ્નેહમિલન ગોઠવ્યું. આ મિલનમાં મંગલ પ્રારંભ પ્રવચન સુખ્યાત સાહિત્યકાર અને કેળવણીકાર મનુભાઈ પંચોળીએ તાવ હોવા છતાં કર્યું : ''બુચભાઈ સંતપુરુષ જેવા છે. ગીતામાં વર્ણવાયેલ ભક્તિયોગમાંના ઘણાંખરાં લક્ષણો એમને લાગુ પડે છે; બધી કેળવણીનો સાર આનંદ જ છે. બુચભાઈએ આવો આનંદ ઘણાને આપ્યો છે ને આપશે; એમને પ્રણામ કરીને વિરમું છું.''

સ્નેહમિલનમાં ઉપસ્થિત અનેક પ્રૌઢ ભાઈ-બહેનોએ ભક્તિભાવે કબૂલ્યું : ''બુચદાદા ન હોત તો આજે અમે જે છીએ, જ્યાં છીએ ત્યાં અમે ન હોત!'' એક સૂચન પણ થયું : ''આવા પરમ શિક્ષક પાસે ચાર જ વરસ ભણવાનું? હવે તેઓ આપણા બધાને ઘેર પંદર-મહિનો દિ' આવે ને રહે એમ ફરતા રહે તો કેવું સારું!''

સ્નેહમિલન નિમિત્તે આવેલ એક સ્થૂળકાય પ્રૌઢાનાં નમન ઝીલતાં બુચદાદા કહે - ''મારી એક આંખ તો કામ કરતી નથી, ને બીજી આંખમાં તું સમાતી નથી!''

એક પૂર્વ વિદ્યાર્થી વલ્લભ ચિખલિયાએ બુચદાદા પાસે બે પગલુછણિયાં મૂક્યાં ને કહ્યું : ''દાદા, બુકપાર્સલના વેસ્ટેજમાંથી ખાસ તમારા માટે મેં આ જાતે જ બનાવ્યાં છે, હોં ને!''

કદી દાદાગીરી નહીં કરતા બુચદાદા સાથે મારે તો ચાર-પાંચ પત્રોનો નાતો; પણ તેટલમાંય આત્મીયતાનો દોર એવો બંધાઈ ગયો કે હું સ્નેહમિલનમાં વગર આમંત્રણે ગયા વગર રહી ન શક્યો. પહેલી વાર એમનાં દર્શન કરીને ધન્ય થયો. મને છેક દ્વારકાથી આવેલ જાણીને તેઓ પણ રાજી થયા. એમના બેઠકખંડની ભીંતે લટકાવેલ નાના પાટિયા પર લખાયેલ એલેક્ઝાંડર પોપના અવતરણ તરફ ધ્યાન ગયું :

'નોટ અ સ્ટોક ટેલ વ્હેર આઈ લાઈ.'

- કદીએ ક્યાંય ન ઈચ્છું, પ્રત્યક્ષ સ્મૃતિ માહરી...'

આ વાંચીને મારી માફક આપને પણ મનોમન થઈ આવશે : દાદા, દીકરા-દીકરી જેવા હજારો વિદ્યાર્થીઓના અંતરમાં તરતી આપની સદાબહાર પ્રતિમાને આપ કેમ દૂર કરી શકશો? આપનાં સંભારણાં તો પેઢી-દર-પેઢીએ સંક્રમિત કરવાના વારસા સમાન છે! બુચદાદા, આપને સલામ! આપને પ્રણામ!

(નટવરલાલ પ્ર. બુચ, લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર - ૩૬૪ ૨૩૦)

# આપણા યુવાનોની વેદના

- મનોજભાઈ સુથાર

ઈશુના નવા વર્ષની શરૂઆતમાં જ કોચીંગ ક્લાસની રાજધાનીમાં ત્રણ યુવાનોએ આપઘાત કર્યાના સમાચાર આવ્યા છે. કોટા યુવાનોના આપઘાતનું એપી સેન્ટર બની ગયું છે. વર્તમાન શિક્ષણ વ્યવસ્થા-હરીફાઈ-પરીક્ષાઓ વગેરે અંગે ખૂબ ચિંતન-મનોમંથનો થયા છે પણ નક્કર ઉકેલ મળતો નથી. પરિણામે યુવાધન હતાશ અને નિરાશ થયું છે. પ્રસ્તુત લેખમાં એક વિદ્યાર્થિની વાલી અને સમાજને તેની વેદનાની જાણ કરી જીવન ટૂંકાવે છે. સાથે સાથે આપણી આ કનિષ્ટ વ્યવસ્થા તરફ તેની વ્યથા રજૂ કરી સમગ્ર શિક્ષણ જગતને તેના આક્રંદ દ્વારા હતાશ હૃદયે ફરિયાદ કરે છે. આપણને ઉકેલ કેમ મળતો નથી? આ પ્રશ્ન અમે વાંચકો અને સમગ્ર શિક્ષણ જગતને પૂછીએ છીએ. આપણે ક્યાં સુધી આ આશાસ્પદ યુવાનોના ભોગ લેતા રહીશું?

**- તંત્રી**

સમગ્ર શિક્ષણજગત અને સમાજને હચમચાવી નાંખે તેવો એક કિસ્સો (બનાવ) હમણાં જ આપણી સમક્ષ આવ્યો છે. જે ખરેખર આપણા સૌ માટે વિચારાધીન છે.

કોટાના કોચિંગ સેન્ટરમાં અભ્યાસ કરતી ગાઝિયાબાદની વિદ્યાર્થિની કૃતિ ત્રિપાઠીએ એક પાંચ માળની બિલ્ડીંગ પરથી કૂદીને આત્મહત્યા કરી લીધી. સુસાઇડ નોટમાં તેણીએ લખ્યું છે કે માત્ર JEE મેઈન્સમાં ખરાબ કે ઓછા માર્કસ આવવા એ જ મારી આત્માહત્યાનું કારણ નથી પરંતુ મેં મારી જાતથી નફરત કરવાનું શરૂ કરી દીધું છે તેના કારણે હું આ પગલું ભરી રહી છું.

કોટામાં આત્મહત્યા કરનાર વિદ્યાર્થિની કૃતિએ પોતાની સુસાઈડ નોટમાં ભારત સરકાર અને માનવ સંસાધન મંત્રાલયને વિનંતી કરતાં લખ્યું હતું કે જો તેઓ ઇચ્છે કે કોઈ બાળક આત્મહત્યા ન કરે તો તેઓ આવી કોચિંગ સંસ્થાઓને વહેલી તકે બંધ કરી દે.

આજે ધમધમી રહેલી કોચિંગ સંસ્થાઓ કે વર્ગો વિદ્યાર્થીઓને જીવનલક્ષી શિક્ષણ આપવાને બદલે વિદ્યાર્થીઓને માત્ર પાંગળા અને ખોખલા બનાવવાનું જ કાર્ય કરી રહી છે.

આજે વિદ્યાર્થીઓ પર ભણવાનું એટલું દબાણ વધી રહ્યું છે કે આ ભણતર તેમના માટે બોજારૂપ બની રહ્યું છે. કૃતિએ એમ પણ લખ્યું છે કે તે કોટામાં અભ્યાસ કરતા ઘણાં વિદ્યાર્થીઓને હતાશા અને તણાવમાંથી બહાર લાવીને આત્મહત્યા કરતા રોકવામાં સફળ રહી પરંતુ તે પોતાની જાતને આત્મહત્યા કરતા રોકી શકી નહીં.

તેણીએ સુસાઇડ નોટમાં એમ પણ લખ્યું છે કે મારા જેવી ૯૦ ટકા કરતાં વધારે માર્કસ મેળવનારી હોનહાર છોકરી આત્મહત્યા કરી શકે એ વાત ઘણાં લોકો માની શકશે નહીં, પરંતુ મારા મન અને હૃદયમાં કેટલી નફરત ભરેલી છે તે હું તમને સમજાવી શકતી નથી.

તેણીએ તેની માતાને લખ્યું છે કે, ‘‘તમે મારું બાળપણ છીનવી લીધું અને મારા બાળપણનો માત્ર ફાયદો ઉઠાવીને મને વિજ્ઞાનપ્રવાહ પસંદ કરવા માટે દબાણ કરીને

મજબૂર કરી. મને 'ક્વૉન્ટમ ફિઝિક્સ' અને 'એસ્ટ્રોફિઝિક્સ' જેવા વિષયો ગમતા હતા અને તે જ વિષયમાં હું બી.એસસી. કરવા ઈચ્છતી હતી. પરંતુ તમારા દબાણને વશ થઈને હું તેમ ન કરી શકી. હું તમને એ પણ જણાવી દઉં કે મને તો અંગ્રેજી સાહિત્ય અને ઈતિહાસ જેવા વિષયો ભણવા ગમે છે. કારણ કે તે મને અંધકારભર્યા સમયમાંથી બહાર લાવે છે.

કૃતિ તેની માતાને ચેતવણી આપતા લખે છે કે 'તેની નાની બહેન કે જે ૧૧મા ધોરણમાં ભણે છે તેની સાથે આવા બળજબરીભર્યા કૃત્યો ન કરતાં. તેણીને જેમાં રસ કે રુચિ હોય અને તેને જે બનવું કે કરવું હોય તે કરવા દેશો.'

આ હોનહાર છાત્રાની સુસાઇડ નોટ વાંચીને આપણું મન અને દિલ બન્ને વ્યથિત અને વિચલિત થઈ જાય છે કે આપણે આપણા બાળકોને ક્યાં લઈ જઈ રહ્યાં છીએ. ખરેખર આજના આ સ્પર્ધાત્મક યુગમાં આજે આપણે આપણા બાળકોના સપના છીનવી રહ્યાં છીએ.

આજે આપણે દરેક ક્ષેત્રમાં એકબીજાની સાથે સ્પર્ધા કે હરીફાઈ કરવાની જાણે કે દોટ મૂકી છે કે જેમાં શિક્ષણજગત, સમાજ કે કોઈ પરિવાર બાકાત નથી. આજે દરેક પરિવારમાં માતા-પિતા એવું ઈચ્છી રહ્યાં છે કે જો આમનો દીકરો કે દીકરી ડૉક્ટર બને તો આપણે પણ આપણા બાળકોને ડૉક્ટર બનાવવા જોઈએ. જો આમની દીકરી કે દીકરો સિકર કે કોટાના કોચિંગ ક્લાસમાં હોય તો અમે પણ અમારા બાળકોને ત્યાં જ ભણાવીશું પછી ભલે તેમના સપના ગમે તે હોય. અમે અમારા સપના અમારા સંતાનો પર લાદી કે થોપીને જ રહીશું. આ ખ્યાલ કે વિચાર આપણને અને આપણા સંતાનોને ક્યાં લઈ જશે તે ખરેખર વિચારવાલાયક છે.

આજે ધમધમતી કોચિંગ સંસ્થાઓ બાળકોને પારિવારિક સંબંધોનું મહત્ત્વ શીખવી શકતી નથી. જીવનમાં આવનારી નિષ્ફળતાઓ કે સમસ્યાઓ સામે લડવાનું શીખવી શકતી નથી. આ કેટલે અંશે યોગ્ય છે?

આવી કોચિંગ સંસ્થાઓ વિદ્યાર્થીઓના માનસમાં માત્ર એકબીજાની સાથે સ્પર્ધા કે હરીફાઈમાં ઉતરવાનું શીખવી રહી છે જે ઝેર સમાન બનીને બાળકોનાં જીવનને છીનવી રહી છે. જે બાળકો અભ્યાસમાં નબળા કે સાધારણ છે તેઓ હતાશા કે તણાવમાં આવીને આત્મહત્યા કરી રહ્યા છે. અને જેઓ માનસિક રીતે મજબૂત છે તેઓ નશાની લત તરફ આગળ વધી રહ્યાં છે.

જ્યારે આપણા બાળકો હતાશા, તણાવ કે નિષ્ફળતાઓથી નાસીપાસ થઈ જાય છે ત્યારે તેઓ સમજી શકતા નથી કે તેમનો સામનો કેવી રીતે કરવો. આ હતાશા કે નિષ્ફળતા તેમનાં કોમળ હૃદય પર આઘાત કરી જાય છે. જેના કારણે વિદ્યાર્થીઓમાં આત્મહત્યાનું પ્રમાણ વધી રહ્યું છે.

અંતમાં તેણીએ લખ્યું છે કે હું વિદ્યાર્થીઓને સલાહ આપું છું કે તમારા જીવનમાં આવા આત્મઘાતી પગલાં ન ભરો. પરંતુ એવી વ્યક્તિનો સંપર્ક કરો જે તમને આવી પરિસ્થિતિમાં યોગ્ય માગદર્શન આપી શકે અને તમને સમજી શકે.

ખરેખર, આજે શિક્ષણનો મૂળભૂત હેતુ જાણે કે વિસરાઈ જ ગયો છે. શિક્ષણનો ધ્યેય માત્ર ને માત્ર વિદ્યાર્થીને જીવનલક્ષી શિક્ષણ આપીને તેનો સર્વાંગી વિકાસ કરીને સારા નાગરિક બનાવવાનો છે. તે આપણે કદાપિ ભૂલવું ન જોઈએ.

# શું મહત્ત્વનું? વિદ્યાર્થીઓને સમજાવવા કે સમજવા?

- ડૉ. અશોક પટેલ

શિક્ષકે શાળા-કૉલેજોમાં વિદ્યાર્થીઓની ઘણી સમસ્યાઓનો સામનો કરીને તે સમસ્યાઓનો ઉકેલ શોધવો પડે જ છે. એનું કારણ છે કે જુદી જુદી સમસ્યાઓ આવતી જ રહે છે.

ઘણીવાર એવું પણ બને છે કે, સમસ્યા સમાન હોય, પણ વિદ્યાર્થી, સ્થળ અને સમય અલગ હોય તો તેનો ઉકેલ પણ અલગ જ હોય. સમાન સમસ્યા માટે સમાન ઉકેલ ના પણ હોઈ શકે. આમ છતાં મોટાભાગે સમાન સમસ્યા માટે સમાન ઉકેલ અપનાવવામાં આવે છે. જ્યાં નિષ્ફળતા મળવાની શક્યતા વધુ છે.

જુદી-જુદી શાળા-કૉલેજમાં શિક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓ પક્ષેથી આવતી સમસ્યાઓ મોટાભાગે સમાન હોય છે. જેમ કે ગૃહકાર્ય ના લાવવું, સમયસર આવવું નહિ, અનિયમિત આવવું, દાદાગીરી કરવી, જુઠ્ઠું બોલીને બચાવ કરવો, નિયમિત અભ્યાસ ના કરવો, ચોરી કરવી, ટોળી બનાવીને અન્યને ધમકાવવો કે એકલો પાડી દેવો, વર્ગમાં જવાબ ના આપવા, ચોક્કસ વિષયમાં રસ ના પડવો, સૂચનાઓનું પાલન ના કરવું, સહઅભ્યાસ પ્રવૃત્તિમાં ભાગ ના લેવો, ઘર કે વાલી અંગેની સમસ્યાઓ, કોઈ બાબતે લઘુતા કે ગુરુતા વગેરે જેવી અસંખ્ય સમસ્યાઓ શિક્ષક સામે દરરોજ આવતી જ હોય છે.

શિક્ષક સામે વિદ્યાર્થીની કોઈ રજૂઆત કે સમસ્યા કે ફરિયાદ આવે ત્યારે શિક્ષક મોટાભાગે બે રસ્તા અપનાવે છે. પ્રથમ તો શિક્ષા કરવી અથવા તો વિદ્યાર્થીઓને સમજાવવા, જેનું પરિણામ કદાચ તાત્કાલિક દેખાઈ આવે પણ તે કાયમી નથી હોતું. એટલે કે જે તે સમયે સમસ્યા ઉકેલાઈ ગઈ હોય એમ લાગે છે. પણ થોડા સમય પછી એ સમસ્યા ફરી સામે આવે જ છે. એનો અર્થ એ પણ થાય કે, શિક્ષા અને સમજણ આપવી એ અધૂરા કે અધકચરા ઉપાય છે, એ કંઈ સચોટ ઉપાય તો નથી જ. આવા સમયે એવો પ્રશ્ન ચોક્કસ થાય કે તો પછી એવા કયા ઉપાયો અજમાવવા જોઈએ જેથી સમસ્યાનું કાયમી સમાધાન થઈ શકે.

શિક્ષકની અપેક્ષા ના સંતોષાય, નિયમનું પાલન ના થાય ત્યારે શિક્ષક અસંતોષ અનુભવે છે અથવા તો ગુસ્સે થાય છે. વિદ્યાર્થીને બોલાવે છે. ધમકાવે છે. જ્યાંથી વિદ્યાર્થી જૂથનો આશરો લઈને બચવાનો પ્રયત્ન કરે છે. જો શિક્ષક સમજાવવાનો પ્રયત્ન કરે તો વિદ્યાર્થી હા...હા.. કહીને શિક્ષકથી છૂટકારો મેળવે છે. પણ સમસ્યા તો ત્યાંની ત્યાં જ રહે છે.

હકીકતમાં શિક્ષકે વિદ્યાર્થી સાથે ચર્ચા કરીને તેને સમજાવતા પહેલાં સમજવો જોઈએ. વિદ્યાર્થીનું કોઈપણ વર્તન થવા પાછળનાં કારણોનું તટસ્થ અનુમાન કરવું જોઈએ અથવા તો જાણવા જોઈએ. વિદ્યાર્થીને બોલવાની,

પોતાનો પક્ષ રજૂ કરવાની સ્વતંત્રતા આપવી જોઈએ. નિર્ભય વાતાવરણ હશે તો જ વિદ્યાર્થી સાચું બોલશે.

આમ, શિક્ષકે વિદ્યાર્થીની વિવિધ પરિસ્થિતિ, તેના રસ અને શક્તિ, ઘરનું વાતાવરણ, તેની સંગત, તેની અપેક્ષા વગેરેને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીને મૂલવવો અને સમજવો જોઈએ. એટલે કે વિદ્યાર્થીને સમજાવ્યા પહેલાં એને સમજવો જરૂરી છે. વિદ્યાર્થીના વર્તનને સમજવા માટે શિક્ષક મોટાભાગે ધારણા જ કરે છે.

આ ધારણા ખોટી પણ હોઈ શકે, જેથી સમસ્યા કે વિદ્યાર્થીના વર્તન પાછળનાં સાચા કારણો જાણવા તટસ્થ રીતે મૂલ્યાંકન કરવું જરૂરી છે. જે માટે શિક્ષકે પોતાના દિલને વિદ્યાર્થીના દિલ સાથે જોડવું પડશે. માત્ર દિમાગથી કામ લેવામાં આવશે તો સફળતા મળવાની શક્યતા ઓછી છે. વિદ્યાર્થીને સમજીશું તો જ તેને સમજાવી શકીશું. વિદ્યાર્થીને સમજ્યા પછી સમજાવવાથી વિદ્યાર્થી પર તેની અસર ઊંડી થશે અને ધાર્યાં પરિણામ મેળવી શકાશે.

વર્ગમાં કે વર્ગખંડ બહાર વિદ્યાર્થીના અશિસ્ત વર્તન માટે મોટાભાગે શિક્ષક વિદ્યાર્થીનો જ દોષ જોતા હોય છે, પણ વિદ્યાર્થીના વર્તનની પાછળ ક્યારેક વાતાવરણ કે પરિસ્થિતિ પણ જવાબદાર હોય છે.

કૉલેજ કક્ષાએ કોઈ નિર્ણય લેવામાં આવેલો હોય ત્યારે સ્ટાફ દ્વારા તે નિર્ણયને સખ્તાઈથી અમલ કરાવવાનો પ્રયત્નો કરવામાં આવે છે. ત્યારે ક્યારેક એવું પણ બને છે કે વિદ્યાર્થીઓ દ્વારા જે તે નિર્ણયમાં ફેરફાર કરવાની માંગણી કરવામાં આવે છે, ત્યારે મોટાભાગે આચાર્ય દ્વારા એવો જવાબ આપવામાં આવે છે કે, નિર્ણય લેવાઈ ગયો છે. તેનો અમલ કરવો જ પડે. તે માટે આચાર્ય કે અધ્યાપકો વિદ્યાર્થીઓને સમજાવશે કે નિર્ણયનો અમલ કરો.

બસ, આવી પરિસ્થિતિમાં જ વિદ્યાર્થીને સંપૂર્ણ સાંભળવાની જરૂર છે. સાંભળ્યા પછી સમજાવતા પૂર્વે તેઓને સમજવાની જરૂર છે. તેઓ શા માટે નિર્ણયનો અમલ કરવા માંગતા નથી? તેનાં કારણો તેઓના પક્ષે સાચા હોય તો આચાર્યે પોતાનો કક્કો સાચો છે તેમ માનીને વળગી રહેવું જોઈએ નહિ, પણ પોતાના નિર્ણયમાં ફેરફાર કરવો જ જોઈએ.

શાળા-કૉલેજમાં જેટલું લોકશાહીભર્યું વાતાવરણ હશે તેટલા પ્રમાણમાં શિક્ષકો દિલથી કામ કરશે અને વિદ્યાર્થીઓનો વિકાસ વધુ થશે.

(સાભાર : ગુજરાત સમાચાર)

❀ ❀ ❀

મનનાં નાનાંમોટાં દર્દોનું અમોઘ ઔષધ પ્રેમ છે. માટે ગુન્હેગાર બાળકો તરફ મૌન નજરે જૂએ.

❀ ❀ ❀

કેળવણીએ જીવનનું અતિ મહત્ત્વનું અંગ હોવાથી જે અભ્યાસક્રમને જીવન સાથે સીધો સંબંધ ન હોય તે અભ્યાસક્રમ છોડી દેવો જોઈએ.

❀ ❀ ❀

શિક્ષક તેમજ મા-બાપોએ પોતાની અંગત ગ્રંથિઓથી દૂર રહેવું જોઈએ. આ માટે પરાનુભવ દૃષ્ટિ કેળવવી જોઈએ.

❀ ❀ ❀

# આપણામાં રહેલ ''બે આપણે''

- મિત્તલ પટેલ

શર્તને આધીન...
જીવી શકીએ ખરાં!!
અર્ક નીકળી શકે
એટલું તપી શકીએ ખરાં!!
સંજોગો, ઘટના અવેજી છે
આપણી...
હું ''મારામાં'' ઓળખાઉ
તેટલો
સાક્ષીભાવ કેળવી શકીએ ખરાં!!

આપણામાં સત અને અસત બંને પ્રકારના ભાવ, બંને પ્રકારના ગુણ અને બંને પ્રકારના વિચારોનો મેળાવડો સ્વાભાવિક રીતે જ હોવાનો. જે ઘણી બધી બાબતોને આધારિત હોઈ શકે. આપણી આજુબાજુની ઘટનાઓ, આજુબાજુના લોકોની માનસિકતા, લોકો સાથેના અનુભવો, આપણા જીવનમાં વિવિધ તબક્કાઓમાં થયેલ અનુભવો, સંસ્કારોની તેના પર અસર હોઈ શકે. આપણને ગુસ્સો પણ આવવાનો અને આપણને પ્રેમ પણ આવવાનો. આપણે સાવ જ હકારાત્મક બધો સમય રહી શકીએ, એ શક્ય નથી. નિરાશા પણ આવવાની અને હિંમત તેમજ ઉમંગ પણ સહજ આવશે જ.

જીવનની દરેક ઘટના માણસને ઘડે છે, તેમ આપણે પણ ઘડાવાનું છે. આપણે બધો સમય ''સારાં'' જ બની શકવાના નથી. આપણામાં થોડાક સારાં ગુણ હશે તો અમુક અનિચ્છનીય ગુણ પણ હશે જ. બધા સારા જ ગુણ ઈનબિલ્ટ હોય તેવો મનેખ મળવો આ કળિયુગમાં શક્ય છે જ નહીં. બસ ધ્યાન એ રાખવાનું કે જીવનમાં જેમ જેમ સમય પસાર થાય છે તેમ તેમ સારપ જોવાનો દૃષ્ટિકોણ આપણે કેળવવાનો છે.

દરેક વ્યક્તિની ચોક્કસ પ્રકૃતિ હોય છે. જે જીવનપર્યંત રહે છે. માણસની પ્રકૃતિ ક્યારેય ચેન્જ ન થઈ શકે. આ પ્રકૃતિ શારીરિક અને માનસિક બંને હોય છે. જેમ આપણું બ્લડ ગ્રુપ હોય છે જેને આપણે ઈચ્છીએ તો પણ ચેન્જ કરી શકતા નથી, એવી જ રીતે દરેક માણસની ચોક્કસ પ્રકૃતિ હોય છે. જીવનમાં દરેક વ્યક્તિએ પોતાનું પ્રકૃતિ પરીક્ષણ ચોક્કસથી સાક્ષીભાવે કરવું જ રહ્યું. જે દરેકને પોતાની જાતને ઓળખવામાં, સમજવામાં ખૂબ જ સહાયરૂપ થશે. આપણી પ્રકૃતિની પૂરતી સમજ હશે તો, તેના ડાર્ક પાસાને કઈ રીતે મર્યાદામાં રાખવાં, સંયમિત રાખવાં, કઈ કઈ બાબતોથી બચીને રહેવું, કઈ કઈ બાબતોથી દૂર રહેવું, એની સમજ કેળવાશે.

નકારાત્મક ભાવ આપણામાં આવી પણ જાય તો, તેને આપણા મન અને વિચારો પર હાવી ન થવા દેવાય. તેને સકારાત્મક વિચારોથી રિપ્લેસ બને એટલા ઝડપથી કરી

લેવાય, એટલી પુખ્તતા કેળવવાની છે.

અઘરી પરિસ્થિતિ આવે કે જીવનમાં વાવાઝોડા જેવી ઘટનાઓ, એક વસ્તુ હંમેશા યાદ રાખવી. કોઈ ''બાબતનો વિરોધ'' હોઈ શકે ''વ્યક્તિવિરોધ'' સુધી વિચાર કે ભાવ કે વર્તન ન પહોંચે તેનું ધ્યાન અવશ્ય રાખવું જોઈએ. સંબંધો જીવનની સાચી હૂંફ છે. પૈસા, સુખ સુવિધાઓ કે તરક્કીઓ નહીં આપી શકે. સંબંધો છોડની જેમ ઉછેરવાના, સિંચન કરવાના અને જાળવવાના હોય છે. એનો મતલબ એવો બિલકુલ નથી કે ખોટું સહન કરીને સામેવાળા સાથેના સંબંધ જાળવવા તેની સાથે સારું સારું ''બનવાનું''. સારું સારું જ, સામેવાળાને ગમે તેવું જ બોલવાનું. એ તો થોડોક સમય સંબંધ જળવાશે પછી તે બોન્સાઈ છોડની જેમ દેખાય સારું પણ તેનામાં સુગંધ ન જ હોય એવા સંબંધો થઈ જશે. આવા સત્ય અને સત્વ વગરના સંબંધોને શું કરવાના? તે જીવનમાં હૂંફનો પર્યાય ક્યારેય ન બની શકે. સાચા સંબંધો એટલે- નોકઝોક, રિસામણા-મનામણાં, શેરિંગ-કેરીંગ અને અટપટા રસ્તાવાળા જીવનમાં સાથે ચાલવાનો સધિયારો સંગાથ.

સાચા સંબંધો જ સાચા સંગાથી બની શકે છે.

પણ તે માટે ''તમે જેવા છો એવાં'' રજૂ થવું પડે. બનાવટ વગર એકબીજાની કોઈ પણ વાતમાં સહમત કે અસહમત થવાની છૂટ હોવી જોઈએ. એકબીજાની સેલ્ફ રિસ્પેક્ટ જળવાય તે રીતે ગુસ્સો કરવાની, જીદ કરવાની પણ છૂટ હોવી જોઈએ. ઓરિજનલ બનવું પડે. જાત જોડે પ્રામાણિક રહીને જ તમે સાચા સંબંધ કેળવી શકો છો અને લાઈફ ટાઈમ માટે એ સંબંધોનું સુખ, સંબંધોનો છાંયડો પામી શકો છો.

Distance never matters in relationship.

સંબંધોના પમરાટને અંતરના સીમાડા ક્યારેય નડતા નથી. હૃદય મોકળું હોય તો ક્યારેય સંજોગોની સંકડાશ અનુભવતી નથી. ઘણીવાર વ્યક્તિનો અમુક વ્યવહાર, અમુક રીતભાત, અમુક વિચારોનું અથવા દુર્ગુણોનું વર્તન ન પણ ગમે. પણ તમારા માટે તે એક ભાગ મહત્વનો છે કે તે વ્યક્તિ સાથેનો સંબંધ, તે તમારે નક્કી કરવાનું છે. ફૂલની સાથે કાંટા, કીટક બધું જ હોવાનું. તમે જો તે ફૂલમાંના ''સુગંધત્વ'', ''રંગતત્વ''ને મહત્વ આપીને તેને જુઓ, નિહાળો તો જ તેની સુંદરતાને નીરખી શકો અને ખુશ થઈ શકો. બાકી કાંટા જોવાવાળાને તો ફૂલ પણ ''વાગવાનું''. એકચ્યુલી વાગતું ફૂલ નથી. તેનામાં રહેલ કોઈક એવા ''દુર્ગુણરૂપી'' કાંટા જ હોય છે. પણ કાંટો ફૂલનો પર્યાય ન હોઈ શકે.

એ જ રીતે દરેક માણસનો કોઈક દુર્ગુણ તમને ''વાગી'' શકે છે. આખો માણસ ''વાગતો'' ક્યારેય ન હોઈ શકે. જો તે દુર્ગુણ જ જોવાની દૃષ્ટિ વિકસાવીએ તો ક્યારેય સાચા સંબંધની સમૃદ્ધિ નહીં પામી શકાય. કારણ કે દરેક વ્યક્તિમાં કોઇકને કોઇક તો દુર્ગુણ રૂપી કાંટો હોવાનો જ. સધિયારાની સુવાસ પામવી હોય તો સામેવાળાના કોઇક અંધારા ખૂણાને પણ અપનાવવાની ખેલદિલી કેળવવી જ પડશે.

મિત્તલ પટેલ (પરિભાષા)

# આઝાદીના ગર્ભમાં રહેલા નવ રસ

## આઝાદીનો હું શાંત રસ છું.

- પાલખીવાલા અમિતા મનુભાઈ

''હરે રામા પન્દ્રહ ઑગસ્ટ હમારા હૈ શુભ ત્યૌહાર રે હરિ

હમારા ત્યૌહાર રે હરિ

હમ સબકા ત્યૌહાર રે હરિ

હરે રામા પન્દ્રહ ઑગસ્ટ હમારા હૈ શુભ ત્યૌહાર રે હરિ

હરે રામા પર્વ હૈ હમ સબકી આઝાદી કા રામા...

હરે રામા મિલકર ઈસે મનાયે શુભ ત્યૌહાર રે હરિ

હરે રામા દેશભક્ત આઝાદ ભગતસિંહ નેહરુ

હરે રામા ગુરુગોવિંદ મહાન રચનીયથ સરે હરિ

હરે રામા વીર શિવા કે શૌર્ય કો ભૂલના રામા

હરે રામા દેશ મેં ગાંધી ખટના સાન રે હરિ

હરે રામા બાબાસાહેબ કે તપ કર ના વિસરે

હરે રામા સાવિત્રીબાઈ ફૂલેકર સબ યાદ રે હરિ

હરે રામા અપને દેશકી ખાતિર મરના જીના

હરે રામા જય હો જવાન જય કિસાન શુભ ત્યૌહાર હૈ હરિ

હરે રામા આજ કે દિન કા સબ એક શપથ લી હૈ રામા

હરે રામા આજ કે દિન એક દેશ, એક ઝંડા, એક નિશાન રે હરિ

હરે રામા પન્દ્રહ ઑગસ્ટ હમારા હૈ શુભ ત્યૌહાર રે હરિ...

ગંગાના કિનારે આવેલા મિરજાપુર નામના જિલ્લામાં જે લોકગીતની ઉત્પત્તિ થઈ તેવું કજરી લોકગીત જ મારી ઓળખ છે. જેમાં શ્રૃંગાર રસ પ્રબળ છે. શાંત રસ અને શૃંગાર રસને અલગ કરી શકાય ખરો? આઝાદીનો હું શાંત રસ છું. આમ તો ભરતમુનિ રચિત મહાકાવ્ય નાટ્યશાસ્ત્રમાં વર્ણવેલા રસની સૂચિમાં મારો સમાવેશ નહોતો કરાયો. પણ સંસ્કૃત કાવ્ય અને નાટ્યશાસ્ત્રમાં એક પ્રમુખ રસ તરીકે મને સમાવવાનું શ્રેય કાશ્મીરના રાજા જયાપીડના દરબારમાં ઈ.સ. ૭૭૯-૮૧૩ દરમિયાન રહેલા અધ્યક્ષ ઉદ્‌ધ્ધટને આપવામાં આવે છે. ઋષિમુનિઓએ પણ મને શાંત રસ તરીકે ઓળખાવ્યો.

સ્વાતંત્ર્યની ચળવળ દરમિયાન ગુલામીની સાંકળ તોડી ફેંકવા બનેલી વિવિધ ઘટનાઓમાં મેં મારા અસ્તિત્વનો પુરાવો આપ્યો છે. પ્રેમ અને સૌહાર્દને સાથે લઈને ચાલનારો રસ હું જ છું. શીતલ, શાતા, ટાઢક, નિરાંત, નિસ્તબ્ધતા, મૌન, નીરવતા, સુકૂન - આ બધાની અંદર મારું જ અસ્તિત્વ છે. આમ તો મનુષ્ય જ્યારે આસક્તિનો ત્યાગ કરીને, તમામ લૌકિક પ્રવૃત્તિઓમાંથી મુક્ત થઈને ત્યાગની પ્રાપ્તિ કરે છે અને વાસ્તવિકતાને જાણીને તેના મનને જે શાંતિ મળે છે તે શાંત રસ હું છું. પણ ક્યારેક બિભત્સતા માનવીને વૈરાગ્યની પ્રેરણા આપે છે અને તે નતો સુખ, ન દુઃખ કે કોઈના પ્રત્યે દ્વેષનો અનુભવ નથી કરતો ત્યારે આવી માનસિક સ્થિતિમાં ઊભી થયેલી સંભાવના શાંત

રસ છે. એટલે બિભત્સ રસ સાથે પણ મારો નજીકનો સંબંધ મનાય છે.

દાંડીકૂચની આગલી સાંજે આશ્રમની પ્રાર્થના-સભામાં ગાંધીજીએ તેમના વસિયતનામા સમાન આપેલા વ્યાખ્યાનમાં હું છું. જેમાં તેમણે આ લડત સંપૂર્ણ શાંતિપૂર્વક, અહિંસક રીતે અને નીડરતાથી લડી લેવા સૌને શીખ આપી હતી. દાંડીના કિનારે ચપટી મીઠું ઉપાડતી વખતે ગાંધીએ કરેલાં ૐમ શ્રી રામના જયઘોષ સાથે ઉછળેલા દેશભક્તિના મોજમાં હું છું. અહિંસક અસહકારનો વ્યૂહ એવા સત્યાગ્રહમાં હું છું. ખેડૂતોના જમીન મહેસૂલ નહીં ભરવાના શપથના સંદર્ભમાં હિન્દુ ધર્મના પુસ્તકોમાંથી બોલાયેલ પવિત્ર આયાતો અને શ્લોકો અને રામનામની ધૂન સાથે હજારો સહીઓ સાથે પસાર થયેલા ઠરાવમાં હું છું. સ્વાતંત્ર્યના ધર્મયુદ્ધમાં બારડોલી સત્યાગ્રહના રોપાયેલા માંડવામાં હું છું. પંડિત જવાહરલાલ નહેરુની બંડીમાં કે શેરવાનીના ગાજમાં તેમના અંગત વ્યક્તિત્વના પ્રતીક સમા ગુલાબમાં હું છું. શાંતક્રાંતિના સૂત્રધાર જેવા ગાંધીના રેંટિયામાં હું જ છું. સીસ્ટાઈનના (વેટીકન) દેવળ પર ક્રોસ પર ચડાવેલી ઈસુની પ્રતિમાના દર્શન કરતાં મહાત્માની આંખમાંથી ખરેલા આંસુમાં હું તો છું. દરેક હિન્દુસ્તાનીના દિલમાં ગુલામીની સાંકળ તોડી ફેંકવાના અવાજનું સુકૂન હું છું. આઝાદીની પરોઢે હજારો મુખમાંથી સરતા સૂર્યવંદનાના પાઠોમાં હું છું. મુક્તિના રમ્ય પ્રભાતે જેનું બુંદ બુંદ પવિત્ર છે તેવા ગંગાના નીરમાં વહેવડાવેલા કપૂરના દીવા અને ફૂલોમાં હું છું. તિરંગાના રંગે રંગાઈને રાજધાની દિલ્હી ખાતે આવેલાં બળદગાડાં અને ધૂંસરીઓની શીતલતામાં હું છું. જાતભાતની પાઘડીઓ અને રંગબેરંગી સાડીઓથી સજ્જ પુરુષો અને સ્ત્રીઓના શૃંગારમાં હું છું. વાળુના સમયે છાણના ધુમાડાની અવકાશમાં ફેલાતી ધ્રૂમસેરોની ગંધ - હિંદમાતાના શરીરની ખુશ્બુમાં હું છું. 'રઘુપતિ રાઘવ રાજારામ'ની સુંદરતા અને 'સત્યમેવ જયતે'ને ઉજાગર કરવા વિધાતાએ મને તો માધ્યમ બનાવ્યો છે.

હું શાંત રસ છું, હું મૌનમાં છું. આઝાદીની ચળવળની વિવિધ ઘટનાઓ, વિવિધ પ્રસંગો, વિવિધ રાજ્યોની કહાનીઓ, કાર્યક્રમો, અવસરો, જાતિ-જ્ઞાતિ, ઉચ્ચનીચના ભેદભાવ વિસરીને થતાં જશ્નો કે મંદિર-મસ્જિદની રોશનીને મેં સાક્ષીભાવે નિહાળી છે. બસ્સો વર્ષ સુધી ગુલામીના બંધનમાં રહ્યા બાદ દેશવાસીઓએ આઝાદીના ખુલ્લા આકાશમાં શ્વાસ લીધો, ત્યારે તેમની અંદર મારું જ અસ્તિત્વ સુકૂનની પળ પસાર કરી રહ્યું હતું. આઝાદીની ચળવળથી જ મેં મારા અસ્તિત્વનો પુરાવો આપવાનું શરૂ કરી દીધું હતું. આવો, એ એક એક ઘટનાની રોચક સ્મૃતિઓનો તમને અનુભવ કરાવું.

પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન ગાંધી બ્રિટનને વફાદાર રહ્યા હતા. હિંદની રાષ્ટ્રીય ભાવનાઓને બ્રિટન સહાનુભૂતિથી જોવે તેવી તેમને આશા હતી. પણ બ્રિટને સહાનુભૂતિને બદલે ૧૯૧૯માં હિંદની મુક્તિની ચળવળને દાબી દેતો રૉલેટ એક્ટ ઘડીને ગાંધી અને હિંદની આશાઓના ભુક્કા બોલાવી દીધા. ત્યારે અઠવાડિયાઓ સુધી મનન કરતાં તેમને જે

મળ્યો હતો તે મૌનનો જવાબ હતો. ગાંધીએ લોકોને દુકાનો ના ખોલવી, ઘરમાં જ રહેવું અથવા દેવ-સ્થાનમાં રહેવું એવું સમજાવીને ખળભળાવી મૂકે તેવા મૌનથી આખા દેશને સ્થગિત કરીને ઊભો રાખી દીધો અને અંગ્રેજ શાસકોને શાંત પ્રજાનો મૂક સંદેશ આપી દીધો.

શાંતિનો પુરાવો આપતી બીજી એક ઘટના તે બારડોલી સત્યાગ્રહ. સત્યાગ્રહ નામના શબ્દકોશમાં 'શત્રુ' નામનો શબ્દ જ નથી. હા, 'શાંતિ' શબ્દ અવશ્ય હોઈ શકે. સૂરતના ડેપ્યુટી કલેક્ટર શ્રી જયકરના અન્યાયી મહેસૂલ વધારા અંગે બારડોલી ગામના ખેડૂતો અને આગેવાનોએ વલ્લભભાઈને પોતાના દુઃખની વાત કરી. વલ્લભભાઈએ ગાંધીજીના આશીર્વાદ સાથે સ્વાતંત્ર્યના ધર્મયુદ્ધમાં બારડોલી સત્યાગ્રહના પહેલા મંડાણ કર્યા. ગાંધી ચીંધ્યા માર્ગે સરદારે પ્રજાને સત્ય, શાંતિ, સહિષ્ણુતા અને સત્યાગ્રહથી સ્વમાન માટે શુદ્ધમાં શુદ્ધ બલિદાન આપવા માટે પાઠ શીખવ્યા, લોકોની ચેતના ઢંઢોળી. પ્રજા પોતાનો કિલ્લો બાંધીને બેઠી. જેનાથી આખું સરકારી તંત્ર છિન્નભિન્ન થઈ ગયું. લોકોની દૃઢતા અને અડગતા સામે અંગ્રેજ સરકારે હથિયાર હેઠાં મૂક્યાં. પ્રજાના સત્ય અને શાંતિ પરના વિશ્વાસ અને સાચા તપથી બારડોલીનું નામ હિંદુસ્તાનમાં ગવાયું અને ભારતના ઈતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ લખાયું.

બુદ્ધ ભગવાનના મહાભિનિષ્ક્રમણની યાદ અપાવે તેવી શાતા અને નિસ્તબ્ધતાની ઐતિહાસિક દાંડીકૂચની પળનો તો ઈતિહાસમાં જોટો જડે તેમ નથી. આ ઘટના સાથે જોડાયેલાં દૃશ્યો ખૂબ જ ઉત્સાહથી ભરપૂર, અદ્‌ભુત અને અંતરાત્માને હચમચાવનારા હતા. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની આ એક મહાન અને શાંત શરૂઆત હતી. ગાંધી તાકાત સામે અધિકારની આ લડતમાં ગાંધી વિશ્વની સહાનુભૂતિ ઝંખતા હતા. સાબરમતી સત્યાગ્રહ આશ્રમના પોતાના નિવાસસ્થાન 'હૃદયકુંજ'થી ૭૮ સૈનિકો સાથે ઈ.સ. ૧૯૩૦ના માર્ચની ૧૨મી તારીખે જ્યારે ગાંધીજીએ ૨૪૧ માઈલની પગપાળા ધર્મયાત્રા કરી અને એપ્રિલની ૫ મી એ દાંડી આવી પહોંચ્યા ત્યાં સુધીમાં ૫૦,૦૦૦થી વધુ લોકો તેમની સાથે જોડાઈ ચૂક્યા હતા. આ કૂચ ઘણી કષ્ટદાયક હતી, પણ શાંત હતી. કૂચ જોવા લોકોનાં ટોળાં માઈલો સુધી પથરાયેલા હતા. ગાંધીજી જે ગામમાં પ્રવેશે તે ગામ ઉત્સવમાં ફેરવાઈ જતું. ઢોલ-ત્રાંસા તેમજ બ્યૂગલોથી વાતાવરણ ગૂંજી ઉઠતું અને માનવમહેરામણ તો માતો ન હતો. જાણે કે સફેદ ટોપીઓનો વિશાળ દરિયો લહેરાતો હોય તેમ લાગતું હતું. છઠ્ઠી એપ્રિલે સમુદ્રસ્નાન કરીને પ્રાતઃકાળે સાડા છ વાગ્યે ચપટી મીઠું ઉપાડી ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કર્યો. અને હજારો લોકોનો ગગનભેદી નાદ ગાજી ઊઠ્યો, 'નમક કા કાયદા તોડ દિયા.' દાંડીકૂચને પરિણામે દેશમાં નવી ચેતનાનો સંચાર થયો અને લોકોએ શાંતિ, સંયમ અને નીડરતાથી સત્યાગ્રહ કર્યો. શરાબની દુકાનો પર પીકેટીંગ શરૂ કર્યું, વિદેશી કાપડની હોળી કરી. લોકો શાંતિપૂર્ણ અને મક્કમ રીતે કાયદાનો ભંગ કરી રહ્યાં હતાં, શાંતિથી સામાજિક બહિષ્કાર કરી રહ્યાં હતાં અને દરેક ઠેકાણે પોલીસ પણ શાંત પડી ગઈ હતી.

૧૮૫૭માં કોમેકોમ દ્વારા રોટીની સાક્ષીએ માભોમને મુક્ત કરવાની જે પ્રતિજ્ઞા લેવાઈ હતી તેનો બદલો મહાત્માએ વાળી આપ્યો... શસ્ત્રોથી નહિ... ખૂનામરકીથી નહિ... અહિંસાથી, સુકૂનથી... સત્યાગ્રહના પાવક અગ્નિથી... બબ્બે વિશ્વયુદ્ધોના અશ્વમેઘમાં વિજય પતાકા લહેરાવનાર બ્રિટિશ સલ્તનતને આ નાનકડા માનવીની શ્રદ્ધાએ નમાવી, અને રાજધાની પર સોનેરી અને જાંબલી ઝાંય વેરતું અહો કેવું ઉગ્યું ૧૫ ઑગસ્ટનું મુક્તિનું રમ્ય પ્રભાત! જ્યારે ઘડિયાળમાં બંને કાંટાઓ રોમન લિપિમાં લખાયેલ ૧૨ના આંકડા પર ભેગા થયા.

આઝાદીના પહેલા દિવસથી જ મેં મારા અસ્તિત્વનો પુરાવો આપવાનું શરૂ કરી દીધું હતું. એ દિવસે મારો સાથ મેળવીને લોકો આઝાદીનો આનંદ ઉઠાવી રહ્યાં હતાં. દિલ્હી-રાજધાની પર લોકો દરેક દિશામાંથી ઉભરાતા હતા. લાખો પગથી ઉમટેલી રજ અને ગોરજ રાજધાની પર છવાઈ ગઈ હતી. ચાંગાઓની વણજાર ઘૂઘરા રણકાવતી ચાલી આવતી હતી. ત્રિરંગી રાષ્ટ્રધ્વજની માફક કેસરી, લીલા અને સફેદ પટ્ટાઓથી રંગેલા બળદગાડા તથા ધૂંસરીઓ સજાવીને લોકો આવ્યા હતા. માણસોથી ઉભરાઈ જતા ખટારા પર પણ પશુ, પંખી, કુદરતના અનેકવિધ ચિતરામણો કરવામાં આવ્યા હતા. ઘોડા, ગધેડા, સાઈકલ પર કે ચાલતા, દોડતા, જાતભાતની પાઘડીઓ પહેરેલા આદમીઓ, રંગબેરંગી સાડીઓ અને જે કોઈ ઘરેણાં હતાં તે ઘરેણાં લાદીને આવેલી સ્ત્રીઓથી આખું શહેર ઉભરાયું હતું. એ મંગળ ઘડીમાં જાતિ, જ્ઞાતિ, ધર્મ, ઉચ્ચનીચના ભેદ વીસરીને લોકો હસતા હતાં. હર્ષના આંસુથી લોકોની આંખો ઉભરાઈ જતી હતી. ચાંદીના ભૂંગળોમાંથી મીઠા સૂરો ઉઠતા હતા. આમ દિલ્હીમાં અગાધ માનવમહેરામણ ઉમટ્યો હતો. એક સમગ્ર પ્રજાએ જાણે પોતાના ઘરની પુનઃખોજ ન કરી હોય! તેવું લાગતું હતું.

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સત્તાવાર રીતે સાંજે પાંચ વાગે ધ્વજવંદનવિધિ પ્રયોજવામાં આવી હતી. તે સમયે પ્રથમ વિશ્વયુદ્ધમાં માર્યા ગયેલા ૯૦,૦૦૦ હિંદવાસીઓના સ્મારક તરીકે રચાયેલા ઈન્ડિયા ગેટ પાસે અકલ્પનીય માનવસાગર એકઠો થયો હતો. રાષ્ટ્રધ્વજના સ્તંભની આસપાસ પણ વિશાળ જનસમુદાય હતો. લોકો હક્કડે ઠઠ હતા કે એકબીજાની વચ્ચે કેવળ હવા જેટલી જ જગ્યા હતી. આથી જ ધ્વજવંદન વખતના શિષ્ટાચાર મૂકીને બેન્ડબાજાવાળા સંત્રીઓ કે વિક્ટોરિયાના પ્રપૌત્રે જ્યાં હતા ત્યાંથી જ ધ્વજને સલામી આપી. પાંચ લાખ લોકોના ગળામાંથી હર્ષનાદો ઉમટ્યા. લોકોએ માઉન્ટબેટન પ્રત્યે માન, પ્રેમ અને અહોભાવ દર્શાવતા જયજયકાર કર્યા. એ પળે લોકો પ્લાસીનું યુદ્ધ, ૧૮૫૭નો બળવો અને દમન, અમૃતસરનો હત્યાકાંડ, માર્શલ-લૉથી થયેલા અપમાનો, લાઠીચાર્જ, સ્વાતંત્ર્યવીરોને થયેલી ફાંસીઓ, ત્રણ ત્રણ સદીની વિટંબણાઓ - આ બધું જ આનંદ હેઠળ ભંડારાઈ ગયું અને સર્વત્ર શાંતિ, સુકૂન, આનંદ અને ઉલ્લાસ! આ ઐતિહાસિક ઘડીને કુદરતે પણ તેજોમય બનાવી. જેવો રાષ્ટ્રધ્વજ સ્થંભની ટોચ પર પહોંચ્યો, તેવું જ આકાશમાં

આહલાદ્ક મેઘ ધનુષ્ય પ્રગટ્યું હતું.

અનેક વખત લાઠીચાર્જથી ઉઠેલા હિંદવાસીઓનાં રૂધિરથી ખરડાયેલી ફૂટપાથો, હડતાળ, દેખાવો અને ચળવળના અનેક કાર્યક્રમોની સાક્ષી પૂરતા મુંબઈના રસ્તા પર લોકો આનંદવિભોર બની રાચતા હતા. મરીન ડ્રાઈવના મહાલયોથી માંડીને પરેલના ઝૂંપડપટ્ટીના વિસ્તારો સુધી, મલબાર હિલ પર આવેલા આલિશાન મકાનોથી માંડીને તે ચોરબજાર સુધી મુંબઈ રોશનીથી ઝળહળતું હતું. એક અખબારે લખ્યું હતું, મધરાત મધ્યાહનમાં ફેરવાઈ ગઈ હતી. એક નવી દિવાળી, નવી જ ઈદ, નવી જ ક્રિસમસની સાંજ જાણે આવી હોય અને તહેવારોની આ ધરતી પરના બધા જ અવસરો એક જ તહેવારમાં સમેટાઈ ગયા હતા; આ આઝાદીનો તહેવાર હતો.

શાંતિનો પુરાવો આપતો એક અદ્‌ભુત નજારો કોલકત્તાની હૈદરી ઈમારતમાં પણ જોવા મળી રહ્યો હતો, જ્યાં મહાત્મા ગાંધી હાજર હતા. સમગ્ર હૈદરી ઈમારત તિરંગાથી રંગાયેલી હતી. યુવતીઓનું એક ટોળું ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનું એક ગીત ગાતા ગાતા ત્યાં પહોંચ્યું. અને ગાંધીજીની પ્રાર્થનાસભામાં સામેલ થયું હતું. હિંસાખોર વિસ્તારોમાં હિંદુ અને મુસલમાન અસામાજિક તત્ત્વોએ છૂરી મ્યાન કરી હતી. બાલ્કની અને થાંભલાઓ પર ભારતીય રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવ્યા. એકમેક સાથે લોકોએ હાથ મિલાવ્યા, સાથે મળીને મિઠાઈઓની આપ-લે કરી. સમગ્ર દિવસ દરમિયાન આ ક્રમ ચાલતો રહ્યો. એ દિવસે સમગ્ર કલકત્તા રોશનીથી ઝળહળી ઊઠ્યું હતું, મારી સાથે આઝાદીની ઉજવણી કરી રહ્યું હતું.

મિરજાપુરની ગલીઓ એ દિવસે કજરીના ગીતોથી ગૂંજી રહી હતી. મહિલાઓનું ટોળું દેશમાં સુખ-શાંતિ લાવવા અને દેશના વીર શહીદોનો આભાર વ્યક્ત કરવા માટે સંગીતના સાધનો સાથે કજરી લોકગીત ગાતું નીકળ્યું હતું.

સમગ્ર હિન્દુસ્તાનમાં જશ્ન હતો. આખો દિવસ ટ્રામો અને ટ્રોલીઓમાં મફત મુસાફરી થઈ રહી હતી. મુંબઈમાં શાહી ઠાઠના પ્રતિક સમી તાજ હૉટેલમાં ઉત્તેજિત લોકોના ટોળાંઓ ઊભરાયા હતા. જ્યાં હૉટલના ભોજનગૃહોમાં ડિનર-સૂટ, જૅકેટ અને ડ્રેસિંગ ગાઉન સિવાય જવાની સખ્ત મનાઈ હતી.

મદ્રાસમાં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ લીધેલા પ્રથમ કિલ્લા સેન્ટ જ્યોર્જ પર ફરકતા તિરંગાને ફાટી આંખે આનંદથી લોકો જોવા ઉમટ્યા. સૂરતમાં સેંકડો હોડીઓમાં નીકળીને જ્યાંથી કેપ્ટન હોકિન્સે હિંદમાં બ્રિટિશ સાહસની શરૂઆત કરી હતી તે બારામાં આઝાદી પર્વની ઉજવણી કરી હતી. જેલોના બારણાં ખોલી દેવામાં આવ્યા હતાં. હજારો કેદીઓને માફી અપાઈ હતી. ફાંસીની સજાઓ મુલતવી રખાઈ હતી અને ઘટાડી દેવામાં આવી હતી. દેશના બધા જ ભાગોમાં કતલખાના બંધ કરવામાં આવ્યા. દેશના બધા જ થિયેટરોમાં સિનેમા-શૉ મફત બતાવવાનો આદેશ થયો. મેટ્રો શહેરોમાં થિયેટરોની બહાર લાગેલી ભીડ દર્શાવી રહી હતી કે લોકો શાંતિના અહેસાસની સાથે સુકૂનનો શ્વાસ લઈ રહ્યાં છે. લોકો ગાતા, હસતા, આલિંગનો આપતા ચારેબાજુ ફરતા

રહ્યાં હતાં. દિલ્હીમાં દરેક શાળાના બાળકોને મિઠાઈ અને એક સ્વાતંત્ર્યનો ચંદ્રક આપવામાં આવ્યો. દક્ષિણમાં ક્યાંક રહસ્યમય ગરૂડોએ પણ પાંખો ફફડાવીને આનંદ વ્યક્ત કર્યો હતો. તો કોઈએ આંકડે લટકવાના પ્રયોગો કર્યા. ક્યાંક વાંકા લોખંડના આંકડાઓ શરીરમાં ભરાવીને લટકતા રહીને હઠયોગીઓએ પોતાની યાતનાઓ ભારતની આઝાદી ટકી રહે અને મબલખ પાક ઉતરે તે માટે ભેટ ચડાવી હતી. તો લાલ કિલ્લાની બહાર વિશાળ પટાંગણમાં કંઈક ખેલંદાઓના જૂથેજૂથ ત્યાં આવ્યા હતા. બ્રિટિશરોએ પણ સ્વાતંત્ર્ય કવાયતની સલામી કે ખેતમજૂરો સાથે મેદાની રમતોમાં ભાગ લઈ દિવસ ઉજવ્યો.

૧૫મી ઑગસ્ટની સવારે જેના પાણીનું બુંદ બુંદ પવિત્ર મનાય છે તેવી પવિત્ર ગંગાને કાંઠે નૂતન ભારતના કલ્યાણ અર્થે પૂજનવિધિઓ શરૂ થઈ ગઈ હતી. બનારસ આગળના ગંગાના પવિત્રધામે વિશાળ માનવ સમુદાય પુષ્પગુચ્છો, ગુલછડી અને કપૂરના અગણિત દીવાઓ લઈને ઉમટ્યો હતો. આગિયાની માફક ઝબૂકતા આ દીવાઓ અંધકાર ભેદીને જ્ઞાનનો પ્રકાશ વાંચ્છતા લોકોની એષણાઓનાં પ્રતિક સમા લાગતા હતા. ભગવાન વિષ્ણુના અવતાર સમા સૂર્યનારાયણના દર્શન થતાં જ હજારો મુખમાંથી સૂર્યવંદનાના પાઠો સર્યા અને ગંગાના પાણીમાં કપૂરના દીવા અને ફૂલો વહેવડાવવામાં આવ્યા.

બનારસ શહેરના વિખ્યાત સુવર્ણમંદિરના પંડિત ભવાનીશંકર કે જેમણે કેટલાય ક્રાંતિકારીઓને પોલીસથી છુપાવવા માટે તેમના મંદિરમાં આશરો આપેલો હતો, તેઓ ગંગાજળ ભરેલી ઝારી અને ચંદન લઈને મંદિરના અંદરના ભાગમાં પ્રવેશ્યા. ઔરંગઝેબના ધર્માંધ ટોળાની સામે રક્ષણ પામવા માટે છુપાવેલા શિવલિંગને પંચકલ્પોથી સ્નાન કરાવી, ગંગાના પવિત્ર જળનો અભિષેક કરીને, ચંદનની અર્ચનાઓ કરીને લોકોએ આનંદભરી પ્રાર્થનાઓ રજૂ કરી. ગુલાબની પાંદડીઓ, ગલગોટા તેમજ શિવને અતિપ્રિય બિલિપત્ર ચડાવીને લોકોએ લિંગની પૂજા કરી.

જો કે અહિંસાના દેવદૂત જેવા ગાંધીએ ખુલ્લી છાતીએ પોતાના બિછાનામાં પલાઠી વાળીને પોતાના અંગત દુઃખનો એ દિવસ ભગવદ્‌ગીતાના પાઠથી શરૂ કર્યો. યુદ્ધ મોરચે ખડા થયેલા અર્જુનના વિષાદ જેવી જ હિંદના ઈતિહાસમાં શાંત અને કારુણ્યમયી સ્થિતિ મહાત્માની હતી. તો રાજવીઓની પણ આ પર્વની ઉજવણી થોડી દુઃખદ પણ ઉદ્વેગ વિનાની શાંત હતી.

એક રોચક સ્મૃતિ એ પણ હતી કે માઉન્ટબેટનના આદેશથી આઝાદીના દિવસે હિંદના નવા જ મુક્ત થયેલા નાગરિકોની લાગણીને સહેજ પણ ઠેસ ના પહોંચે, વીતી ગયેલા યુગની એક પણ નિશાની દૃષ્ટિગોચર ના થાય તે માટે 'વાઈસરૉય હાઉસ' લખેલી સ્ટેશનરીની જગ્યાએ 'ગર્વમેન્ટ હાઉસ' છાપેલી સ્ટેશનરીઓ મૂકવાનું કામ નોકરો કમરે કમરે ફરીને કરતા હતા. જો કે પરંપરાગત મુજબ વાઈસરાયના પોતાના M of B (માઉન્ટ બેટન ઑફ બર્મા) છાપેલા ચિન્હોવાળી ચીજો જેવી કે સિગારેટસ, સાબુની ગોટીઓ, બટર પેપર વગેરે સિવાય તમામ બ્રિટિશ ચિહ્નો ઉતારી લેવામાં

આવ્યા હતા. દરબાર હોલમાં લગાડેલા તોતિંગ બ્રિટિશ રાજચિહ્નોને ઢાંકી દેવામાં આવ્યા.

લશ્કરી છાવણીઓ, સરકારી રહેઠાણો, નૌકા મથકો, સરકારી ઑફિસો, કલાઈવે જ્યાંથી સામ્રાજ્યની શરૂઆત કરી તે ફોર્ડ વિલિયમ બૂરજ, મદ્રાસનો સેન્ટ જ યોર્જ કિલ્લો, સિમલાના વાઈસરૉયના નિવાસ, કાશ્મીર, નાગાલૅન્ડ, સિક્કિમ અને આસામના જંગલોમાં ફરકતા હજારો 'યુનિયન જેક'ને ઔપચારિક વિધિઓ વિના, ભલે વ્યથિત થઈને પણ શાંતિથી કાઠી પરથી ઉતારી લેવામાં આવ્યા. ૧૪મી ઑગસ્ટે શાંતિથી કોઈપણ વિરોધ વગર એ રાષ્ટ્રધ્વજો ઈતિહાસમાં ચાલ્યા ગયા. તેના સ્થાને ૧૫મી ઑગસ્ટની સવારે સ્વતંત્ર ભારતના ધ્વજો કાઠી પર ફરકવાના હતા. એક યુગનો અસ્ત થવાનો હતો અને હિંદ માટે નવા રાષ્ટ્રના જન્મની જયઘોષણા હતી.

આમ ક્યારેક વીર રસ તો ક્યારેક કરુણ અને ભયાનક રસમાં સમેટાયેલી આઝાદીની કહાનીમાં સામેલ હું શાંત રસ જ છું. જેમણે મુશ્કેલ સમયમાં પણ પોતાની ધીરજ ગુમાવી નથી અને સમગ્ર દેશમાં મારી આઝાદીની પ્રતીક્ષા કરી હતી. પ્રેમ અને સૌહાર્દ સાથે લઈને ચાલનારો હું શાંત, શીતળ અને મૃદુ રસ. ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ મારા સપનાને સાકાર કરનારો એ દિવસ હતો. 'તારી જો હાક સુણી કોઈ ના આવે તો તું એકલો જાને રે...' બીજા કોઈનો સાથ મળે કે ના મળે પણ આસક્તિનો ત્યાગ કરીને કવિવર રવીન્દ્રનાથ ટાગોરની આ પંક્તિઓને હું સાર્થક કરી જાણું છું.


**ધી રજિસ્ટ્રેશન ઓફ અ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૮૬૫ અન્વયે પત્ર અંગેની માહિતી ફોર્મ (સ.ના.૯ જુઓ)**

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| ૨. પ્રસિદ્ધિનો ગાળો | : | માસિક |
| ૩. મુદ્રકનું નામ | : | **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે** |
| ૪. રાષ્ટ્રિયતા | : | ભારતીય |
| સરનામું | : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| ૫. પ્રકાશકનું નામ | : | **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે** |
| રાષ્ટ્રિયતા | : | ભારતીય |
| સરનામું | : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| સામયિક માલિકી ધરાવનાર | : | **સરસ્વતી વિદ્યામંડળ (ટ્રસ્ટ),** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |

વ્યક્તિઓના તથા કુલ મૂડીના એક ટકાથી વધુ શેર ધરાવનારાઓનાં નામ તથા સરનામામાં સરસ્વતી વિદ્યામંડળ ટ્રસ્ટ, અમદાવાદ.

હું જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે જાહેર કરું છું કે ઉપર જણાવેલ હકીકત મારી સમજ અને માન્યતા મુજબ સાચી છે.

તા.૧૫-૩-૨૦૨૫ **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે**

**પ્રકાશકની સહી**

# જાહેર પરીક્ષાના સંચાલનમાં થતી મોટા પાયે ગેરરીતિ

- અશોક સોમપુરા

ભારત દેશને સ્વતંત્રતા મળ્યાને ઘણાં વર્ષો વીતી ગયા. આઝાદ થયા પછી ઘણાં ક્ષેત્રોમાં આપણે ધારી સફળતા મેળવી. આ સફળતાને કારણે આપણે વિશ્વમાં એક વિકાસશીલ રાષ્ટ્રની છાપ ઊભી કરી શક્યા. જેનો આપણને સૌને સંતોષ અને ગૌરવ હોય એ ખૂબ સ્વાભાવિક છે. સુખ-સગવડ માટેની જરૂરી સુવિધાઓ આપણે અદ્યતન ઢબે વિકસાવી. વધુમાં ઔદ્યોગિક ક્ષેત્ર, વેપાર-વાણજ્યિ, બૅન્કિંગ, આરોગ્ય અને શિક્ષણક્ષેત્રે આપણે સફળતાની હરણફાળ ભરી. પરંતુ...

અન્ય દેશની સરખામણીએ નીતિમત્તા-નિષ્ઠા અને ભ્રષ્ટાચારમાં આપણી સ્થિતિ શરમ-જનક રહી છે. શિક્ષણ અને આરોગ્યક્ષેત્રની આપણી કામગીરી તેમજ અનિવાર્ય હોય તેવી સુચારૂ વ્યવસ્થાને ભારે લૂણો લાગ્યો છે. ભૂતકાળ તેમજ વર્તમાન સમયની શિક્ષણની કેટલીક શરમ-જનક ઘટનાઓ આપણને એક સારા નાગરિક તરીકે વિચારતા કરી દે છે. દેશના શાણા નાગરિકો લોકશાહી દેશમાં આવા અઘટિત બનાવોથી ચિંતામાં મૂકાય એ સ્વાભાવિક છે.

હવે આપણે નીટની પરીક્ષામાં થયેલી ગેરરીતિ વિશે વિચારીએ તો ભારે દુઃખ થાય છે.

**નીટ પરીક્ષામાં થયેલા છબરડા**

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના મેડિકલ ડેન્ટલ સહિતના ચાર કોર્સિસમાં પ્રવેશ માટેની યુજી-નીટમાં આ વર્ષે મોટા પાયે છબરડા અને ગેરરીતિઓ થઈ હોવાની ફરિયાદો ઊઠી છે. સુપ્રીમ કોર્ટ સુધી આ મામલો પહોંચ્યો છે. નીટ પરિણામને લઈને ચોંકાવનારી વિગતો વર્તમાનપત્રો અને સોશિયલ મીડિયા દ્વારા સામે આવી છે. આ ગેરરીતિના આક્ષેપો કરતાં વિદ્યાર્થીઓએ એનટીએ ઉપર અનેક પ્રકારના આક્ષેપો મૂકી ભારે હોબાળો મચાવ્યો હતો. આ મુદ્દે સુપ્રીમ કોર્ટે અગાઉ દાખલ થયેલી અરજી ઉપર સુનાવણી કરતાં કબૂલ્યું હતું કે આ નીટની પરીક્ષાની પવિત્રતા પર ભારે અસર થઈ છે.

નીટ-યુજી, ૨૦૨૪ની પરીક્ષાના આ વિવાદમાં નીટ પરીક્ષા પરિણામમાં ગેરરીતિઓના પગલે સુપ્રીમ કોર્ટે આ પરીક્ષાનું આયોજન કરનાર એનટીએ-ને એમબીબીએસ અને અન્ય કોર્સમાં પ્રવેશ માટેની પરીક્ષા આપનારા ૧૫૬૩ વિદ્યાર્થીઓના ગ્રેસ માર્કસ્ રદ કરવાનો અને તેમને પુનઃ પરીક્ષાનો વિકલ્પ આપવા આદેશ કર્યો હતો. આમ હવે આ વિદ્યાર્થીઓએ ગ્રેસ માર્કસ ભૂલી જવા પડશે અથવા તેમણે હવે ફરીથી પરીક્ષા આપવાની રહેશે. ઊંડી તપાસને અંતે એ હકીકત પણ

બહાર આવી છે કે નીટનું પેપર એક દિવસ પહેલાં જ લાગતા-વળગતાઓને મળી ગયું હતું. આ અંગે બિહારના સાત આરોપીઓએ અને અન્યોએ કબૂલાત પણ કરી છે. આ સમગ્ર મામલો સીબીઆઈને સોંપવામાં આવ્યો અને નીટના વડાને તેમની ફરજમાંથી મુક્ત કરવામાં આવ્યા.

જાહેર પરીક્ષાના સુચારુ સંચાલન અને તેની યોગ્ય વ્યવસ્થા માટેની આપણી ક્ષમતાને ભારે લૂણો લાગ્યો છે. વિદ્યાર્થીઓની શક્તિને માપવાની આપણી વ્યવસ્થા સાવ લૂલી બની છે. આવી કામગીરી સાથે સંકળાયેલા અમુક નફ્ફટ લોકો નિર્ભયપણે ખોટું કરે છે. તેમની અરાજકતાભરી આવી હરકત અને હલકટ કામગીરી હજારો મહેનત કરનાર વિદ્યાર્થીઓને ભારે નુકસાન પહોંચાડે છે. વધારે દુઃખ અને ચિંતાનો વિષય એ બની રહે છે કે આવું ખોટું કરનાર આવનારી યુવાન પેઢીને એક એવા ખરાબ મેસેજ આપે છે કે, ''પરીક્ષા જેવી ગંભીર અને અતિ મહત્ત્વની કામગીરીમાં આપણે આવું ખોટું કરી તેનો લાભ મેળવી શકીએ.''

સ્વતંત્ર ભારતની આપણી આ અવદશા તો જુઓ! અહીં સ્ત્રીઓ, બાળકો, દલિતો, વંચિતો, ગરીબો કે ઓછું ભણેલાઓ જરાય સલામત નથી. જે-તે સમયે બનેલી અઘટિત ઘટનાઓમાં તેઓ પીડા પામે છે. એવા સમયે થોડો ઉહાપોહ થાય છે. વર્તમાનપત્રો અને સોશિયલ મીડિયામાં હાહાકાર મચાવતા સમાચારો આવે છે અને પછી સમય જતાં બધું જૈસે થે!!

આ દેશમાં શારીરિક હિંસા અને માનસિક હિંસાનો ભારે દોર ચાલ્યો છે. ભણેલાઓ પોતાની આગવી આવડતથી બૌદ્ધિક ભ્રષ્ટાચાર કરે છે. પશુઓ, જનાવર તો ક્યાંક સ્ત્રીઓ અને બાળકો હિંસાનો ભોગ બને છે. તો વળી ક્યાંક આમ જનતા જીવનની નાની-મોટી સુવિધાઓ માટે તો ક્યાંક વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દીના માર્ગે વિવિધ પ્રકારની ભ્રષ્ટાચાર સાથેની ગેરરીતિઓનો ભોગ બને છે. શું આપણે આટલી નિમ્નકક્ષાની હદે જતા રહ્યા? એક સમજુ, સાક્ષર અને શિક્ષિત માણસ હોવા છતાં આપણે માનવતાના દરવાજા બંધ કરી દીધા?

લાગતા-વળગતા જવાબદાર અધિકારી કે જે-તે ખાતાના પ્રધાનો આવી ગરબડ થયેલી ઘટનાની જવાબદારી સ્વીકારી લે તો ય શું? એ વાત કહેવી જરાય ખોટી નથી કે આવી ગેરરીતિ માટેની તપાસનું પરિણામ જે આવે તે, પરંતુ વિદ્યાર્થીના કૂમળા માનસપટ પર આપણે એક ખૂબ ખોટી પદ્ધતિ જન્માવી દીધી છે. શું આ ખરખેર શરમજનક નથી??

નામોશી વહોરી લેવાનું કે બદનામ થવાનું કોને ગમે? અગાઉ જે ચક્રો ચાલ્યા છે તેમ ગુનો કરનારાઓ આમાંથી બહાર નીકળવાના બધા જ પ્રયત્નો કરશે પણ તેનાથી શું? જે સંજોગો ભવિષ્યમાં હાનિકારક હોય તેને દૂર રાખવા અને અઘટિત બનાવો રોકવા એ હવે ઈચ્છવાજોગ છે. આ વાત-સમજણ અને પદ્ધતિનો પ્રચાર-પ્રસાર થાય એ જરૂરી છે.

વધુમાં આપણે એ પણ જાણીએ છીએ કે

(અનુસંધાન પૃષ્ઠ ૩૬ ઉપર)

# એઆઈ ટેક્નોલૉજી કરોડો લોકોને નોકરી આપશે

**- હર્ષ મેસવાણિયા**

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ)ને લઈને દુનિયાભરમાં જાતજાતની અટકળો ચાલી રહી છે. કોઈ કહે છે કે એઆઈના કારણે માનવજાત અગાઉ કદી જોઈ નથી એવી વિકરાળ બેરોજગારીનો ભોગ બનશે. જગતના ટેક્નોલૉજી ક્ષેત્રના નિષ્ણાતો પણ આ બાબતે બે ભાગમાં વહેંચાઈ ગયા છે. એકાદ વર્ષ પહેલાં વિશ્વની ટેક્નોલૉજી કંપનીઓના સીઈઓની સમિટ મળી હતી, ત્યારે પણ એઆઈની આડઅસરો શું હોઈ શકે તેની ચર્ચા-વિચારણા થઈ હતી. ઈલોન મસ્ક સહિતના ટોચના ટેક્નોક્રેટ્સ એઆઈ પર નિયંત્રણ રાખવાની માગણી કરે છે. એઆઈના પ્રણેતા ગણાતા જ્યોફ્રી હિન્ટન ખુદ હવે એઆઈની ટેક્નોલૉજીનો વિરોધ કરે છે અને તેને માનવજાત માટે ખતરનાક માને છે. બીજી તરફ ફેસબુક, ગૂગલ અને માઇક્રોસોફ્ટ વચ્ચે વધુ ને વધુ એઆઈ ટૂલ્સ, એઆઈ સર્વિસ આપવાનો ત્રિકોણિયો જંગ જામ્યો છે. ગૂગલે જેમિની, માઇક્રોસોફ્ટે ચેટજીપીટી અને ફેસબુકે મેટા એઆઈ બ્લૂ રિંગથી વિવિધ સર્વિર્સ શરૂ કરી છે.

બ્રિટને તો પહેલી વખત યુનાઇટેડ નેશન્સમાં એઆઈ અંગે ચર્ચા કરવા બેઠક બોલાવી હતી અને એમાં ભારત સહિતના તમામ સભ્યદેશોના પ્રતિનિધિઓએ એઆઈ અંગે પોતાનાં મંતવ્યો આપ્યાં હતાં. યુનાઇટેડ નેશન્સે પણ બધા દેશોને પોતાની જરૂરિયાત પ્રમાણે એઆઈ પર નિયંત્રણ મૂકવાની ભલામણ કરી હતી.

એઆઈથી સૌથી વ્યાપક ડર નોકરી ગુમાવવાનો છે. એક ચોંકાવનારું તારણ તો ત્યાં સુધી દાવો કરે છે કે ૨૦૩૦ સુધીમાં જ એઆઈના કારણે ૩૦ કરોડ લોકો નોકરી ગુમાવી દેશે. આ નોકરિયાતોને કોઈને કોઈ રીતે એઆઈ ટેક્નોલૉજી બેકાર કરી દેશે. એટલે કે જે કામ અત્યારે ૩૦ કરોડ લોકો કરે છે અને તેમને એનું વળતર મળે છે, એ જ કામ એઆઈ ટૂલથી થવા માંડશે, પરિણામે આટલા બધા લોકો નવરાધૂપ બની જશે.

અમેરિકામાં થયેલા એક સર્વેમાં કહેવાયું છે કે ૨૦૨૩માં અમેરિકાની ફેક્ટરીઓમાં કામ કરતા કુલ કામદારોમાંથી ૧૪ ટકા પર એઆઈ અને રોબૉટિક્સના કારણે નોકરી ગુમાવવાનો ભય જાગ્યો છે. ઘણી કંપનીઓએ એઆઈથી માણસોને રિપ્લેસ કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે અને અમુક કંપનીઓએ તો ૨૦૩૦ સુધીની રૂપરેખા તૈયાર કરીને કેટલા સ્ટાફને વિદાય આપી શકાશે એનું ગણિત માંડી દીધું છે. એકસાથે હોબાળો ન મચે એટલે આગામી પાંચ વર્ષ દરમિયાન ધીમે ધીમે કર્મચારીઓને એક નહીં તો બીજું કારણ આપીને નોકરીમાંથી વિદાય આપવામાં આવશે.

આવા બધા ભય વચ્ચે એઆઈથી નોકરીઓનું સર્જન થશે એવો આપણા દેશનો

પહેલો એ પ્રકારનો અહેવાલ આવ્યો છે. સર્વિસ નાઉના એક છેલ્લા અહેવાલનું માનીએ તો ભારતમાં એઆઈના કારણે લાખો યુવાનો માટે નોકરીની નવી તકો સર્જાશે. અત્યારે દેશમાં ૪૨.૩૭ કરોડ લોકો નોકરી કરી રહ્યા છે. આગામી ચાર વર્ષમાં ભારતમાં નોકરિયાતોની સંખ્યા ૪૫.૭૨ કરોડ થઈ જશે. લગભગ ૩.૩૮ કરોડ નવી નોકરીઓ આગામી સાડા ત્રણ, ચાર વર્ષમાં સર્જાશે.

એમાંય સૌથી વધુ નોકરીઓ ટેક્નોલૉજી અને એઆઈના સેક્ટરમાં ઊભી થશે. સર્વિસ નાઉના અંદાજ પ્રમાણે ૨૦૨૮ સુધીમાં ૨૭.૩ લાખ લોકોને એઆઈ અને ટેક્નોલૉજીના ક્ષેત્રમાં રોજગારી મળશે. મૅન્યુફૅક્ચરિંગ સેક્ટર પણ નોકરી સર્જવામાં એઆઈ-ટેક્નોલૉજીથી પાછળ રહી જશે. મૅન્યુફૅક્ચરિંગમાં આગામી ચાર વર્ષમાં ૧૫ લાખ નોકરીઓના સર્જનનો અંદાજ બાંધવામાં આવ્યો છે. શિક્ષણક્ષેત્રમાં ૮૪ હજારથી એક લાખ નવી નોકરીઓ સર્જાશે. હેલ્થ સેક્ટરમાં પણ લગભગ એટલી જ નવી નોકરીઓ આગામી ચારેક વર્ષમાં ઊભી થશે.

ભારતમાં ટેક્નોલૉજીના વિકાસનો ગ્રોથ ખૂબ ઊંચો છે. એટલે ટેક્નોલૉજી-રોબોટિક્સ, એઆઈમાં ઝડપભેર વૅકન્સી બનશે. ભારતમાં આ સ્થિતિ સર્જાશે ને સાથે સાથે વિશ્વમાં આ સેક્ટરમાં નોકરીના નવા અવસરો બનશે. વર્લ્ડ ઈકોનોમી ફોરમના દાવા પ્રમાણે ૨૦૨૫ના અંત સુધીમાં કે ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટર સુધીમાં આખા જગતમાં ૯.૭ કરોડ નોકરીઓ એઆઈ આપશે.

અત્યારના વર્કફોર્સમાંથી ૩૦ ટકા એઆઈથી કામ કરતાં શીખી જશે એટલે તેમની જોબ પ્રોફાઈલમાં થોડો ફરક પડશે ખરો, પરંતુ તેમણે નોકરી ગુમાવવી પડશે નહીં. વર્લ્ડ ઈકોનોમી ફોરમ જ કહે છે કે આગામી બે વર્ષમાં ૮.૫ કરોડ નોકરિયાતો એઆઈની તાલીમ મેળવીને પોતાની નોકરીને સલામત બનાવી લેશે. ટૂંકમાં, અત્યારે જેટલા લોકો નોકરી કરે છે એમાંથી ૮-૯ કરોડો લોકો બે-એક વર્ષમાં એઆઈનો ઉપયોગ શીખી જશે.

અત્યારે ગણતરી માંડીએ તો ૨૦૩૦ સુધીમાં ૩૦-૩૫ કરોડ લોકો નોકરી ગુમાવી દેશે. તેની સામે કદાચ ૧૫-૧૭ કરોડ નવી નોકરીઓ સર્જાશે. ૮-૯ કરોડ લોકો એઆઈ શીખીને અપડેટ થઈ જશે એટલે તેમની નોકરી ચાલુ રહે, તોય હાલ પૂરતો ખોટનો સોદો છે, પરંતુ એઆઈથી અભૂતપૂર્વ બેરોજગારી આવી જશે અને બધા બેકાર બની જશે એવી ધારણા ચાલી રહી છે તેના પર નવેસરથી વિચારવું પડશે.

દરેક સેક્ટર્સમાં એઆઈ ટૂલ્સ વપરાતા થશે, એઆઈ ચૅટબોટ, એઆઈ એપ્સ, એઆઈ ટેક્નિકનું ચલણ વધશે એ સાચું, પરંતુ એને ચલાવવા માટે, મેઈન્ટેઈન કરવા માટે, એને બનાવવા માટે પણ નિષ્ણાતો જોઈશે. જેમ કમ્પ્યૂટર્સ આવ્યા પછી હેકિંગ રોકવા માટે એથિકલ હેકર્સની ડિમાન્ડ વધી, ઍન્ટિ વાઈરસ સૉફ્ટવેરનું માર્કેટ ઊભું થયું ને ઓનલાઈન આર્થિક વ્યવહારો પછી ફ્રોડ વધ્યા એટલે સાઈબર સિક્યોરિટીના ક્ષેત્રમાં રોજગારીનું

(અનુસંધાન પૃષ્ઠ ૩૬ ઉપર)

# સાદાઈની સુટેવ

- રણછોડ શાહ

*હસી હસી વનનેય હસાવતાં*
*એવાં આવળનાં ફૂલને છોડી*
*કાગળનાં ફૂલ સુંઘવા બેઠાં,*
*જાગવું ભૂલીને ઊંઘવા બેઠા-*
*આજે અમે બધું ભૂલવાં બેઠા.*

- ઈન્દુલાલ ગાંધી

યુવાન વયે સૌથી અગત્યની વાત શીખવાની અને શીખવવાની હોય તો તે છે કે જીવનમાં સાદગી, એટલે કે સદાઈથી કેમ રહેવું. એક વખત આ ઉંમરે સાદા રહેવાની ટેવ પડી જાય તો તે ટેવ જીવનપર્યંત અત્યંત ઉપયોગી બની રહે છે. સાદું જીવન સ્વભાવમાં સરળતા લાવે છે. સાદાઈ નમ્રતાનું ભાન કરાવે છે. સાદગી અપનાવતો વ્યક્તિ સહજ પણ બને છે. અપેક્ષાઓના ઘોડાપૂર સાદાઈને કારણે નિયંત્રિત બને છે. જરૂરિયાત મર્યાદિત બનતાં બિનજરૂરી તાણમાંથી મુક્તિ પ્રાપ્ત થાય છે. આ ગુણ ખીલવવો સરળ તો નથી જ પરંતુ અશક્ય પણ નથી.

કદાચ તેથી જ શાળા કક્ષાથી ગણવેશ (યુનિફોર્મ)નો વિચાર જે-તે વખતના કેળવણીકારોને આવ્યો હશે. ગણવેશમાં માત્ર એકસૂત્રતા હોય તે પૂરતું નથી. પરંતુ તેનાથી વિશેષ સૌ બાળકો સમાન છે, એવી સમજણ આ કક્ષાથી આવી જાય છે. જીવનમાં સૌ તેના જેવા જ છે તેવી સમજણ પ્રાપ્ત કરી લે છે. શાળાનો ગણવેશ એ શાળાની ફિલસુફીનો દ્યોતક હોય છે. એક જમાનામાં મોટાભાગની શાળાઓનો ગણવેશ સામાન્ય રીતે ખાખી ચડ્ડી અને સફેદ ખમીસ વિદ્યાર્થીઓ માટે અને વિદ્યાર્થિનીઓ માટે સફેદ ફ્રોક રહેતું. સફેદ રંગ શાંતિનું પ્રતિક છે. આ ગણવેશની પદ્ધતિ કેટલાય દશકાઓ સુધી શાળા કક્ષાએ ચાલી. આપણને એવો વિચાર આવે કે જો શાળા કક્ષાએ ગણવેશ હોય તો કાલેજમાં કેમ નહીં? કૉલેજ કક્ષાએ વ્યક્તિ પુખ્ત બની અને શું કરવું અને શું ન કરવું તેની સમજણ કેળવી લેતો હોય છે. તેથી કદાચ કૉલેજ કક્ષાએ ગણવેશનો વિચાર અમલમાં નથી.

સમય જતાં ગણવેશની પરિસ્થિતિ બદલાવા લાગી. ધીમે ધીમે શાળા કક્ષા પછી મોટાભાગની બાબતોમાંથી સાદગી ઓછી કે અદશ્ય થવા લાગી. શાળાના સાદગીપૂર્ણ ભૌતિક મકાનોમાંથી ધીમે ધીમે ભવ્ય મકાનો તરફ લોકો વળ્યા. સંચાલકોએ તે વ્યવસ્થા પૂરી પાડી. કદાચ વાલીઓની માગણી અને જરૂરિયાત પણ હોય. શાળામાં પુસ્તકાલયની જરૂર હોય પરંતુ તે એરકન્ડિશન્ડ હોય એવું ક્યારેય જરૂરી લાગ્યું નહોતું. પરંતુ છેલ્લા થોડા વર્ષોમાં કદાચ વાતાવરણને કારણે પણ શાળાના પુસ્તકાલય એરકન્ડિશન્ડ હોય તેવી એક પ્રકારની લાગણી સમાજમાં દેખાવા લાગી. તેથી શાળાના ગ્રંથાલયોમાં પણ એરકન્ડિશનરનો પ્રવેશ થયો તેમ કહી શકાય.

સાદાઈ એ કુટુંબનું પ્રતિક હોવું જોઈએ. પરંતુ ધીમે ધીમે ત્યાંથી સાદાઈ અદશ્ય થઈ. તેને બદલે ભભકાદાર વસ્તુઓ ઘરમાં પ્રવેશવા લાગી. તેમાં પહેલો ફેરફાર કદાચ રહેણીકરણીમાં થયો. સાદાઈની જગ્યાએ અત્યંત ભવ્ય મકાનો અને મોટામસ ઓરડાઓમાં ખૂબ મોંઘા ફર્નિચરે સ્થાન લઈ લીધું. પ્રત્યેક રૂમમાં માત્ર પંખા જ નહીં પરંતુ એ.સી. મૂકાઈ ગયા. વીજળીનો વપરાશ ખૂબ જ વધી ગયો. તેને કારણે હવા પણ અત્યંત પ્રદૂષિત થઈ ગઈ. સાદગી છોડવાની સજા આપણે ભોગવી રહ્યા છીએ.

કબાટમાં અનેક બિનજરૂરી કપડાંઓએ સ્થાન લઈ લીધું છે, કે જે કબાટોને શોભાવી રહ્યા છે. જે કપડાં કેટલાય વર્ષોથી પહેરાયા નથી અથવા વર્ષમાં એક કે બે દિવસ પહેરાય છે તેવાં અનેક કપડાંઓ લોકોના ઘરોના કબાટમાં જોવા મળે છે. સમાજમાં સારી બાબતનો ફેલાવો થતાં વાર લાગે છે પણ ખરાબ ટેવો બહુ જલ્દીથી ફેલાઈ જાય છે. તે જ વાત કપડાંની સાદગી બાબતમાં બની છે. જેની આર્થિક સદ્ધરતા સારી હોય તે લોકો અનેક કપડાં રાખે તો કદાચ ચાલી જશે. એમાં કોઈ તકલીફ પણ નહોતી કારણ કે વ્યક્તિગત સવાલ હતો. પરંતુ તેનું જોઈને સામાન્ય અને નીચલા મધ્યમ વર્ગે પણ કપડાંઓ બાબતે હદ વટાવી નાખી છે.

શાળા અને સમાજે સુટેવોના ઘડતર માટે જવાબદારી ઊપાડવી જ પડશે. શાળાના વર્ષો સાદગીને સમજવાના વર્ષો છે. સાદગી હશે તો ભાવિ જીવન સરળ બનશે. વર્તમાનમાં રોજિંદા આપઘાતના બનાવોના પાયામાં કદાચ સાદાઈ અદશ્ય થવાનું એક કારણ હોઈ શકે. દેખાદેખીના કારણે સામાન્ય લોકો પણ બિનજરૂરી ખર્ચ કરી આર્થિક પાયમાલી વહોરે છે. બાજુવાળાનો ભવ્ય બંગલો જોઈ પોતાનું સામાન્ય મકાન તોડી પાડવામાં સમજદારીનો તદ્દન અભાવ જ છે. વ્યક્તિ પુખ્ત બને ત્યારે જે નિર્ણયો લેવા હોય તે પરવડતા હોય તો ભલે લે, ટાળે તો સારું. પરંતુ ખેંચાઈને ખર્ચ કરવામાં કોઈ શાણપણ નથી. આ સંજોગોમાં 'સાદાઈ સુટેવ' પાડવાનું શિક્ષણ આપવાની જવાબદારી શૈક્ષણિક સંસ્થાઓએ નિભાવવી જ રહી. તેમણે આગેવાની લઈ થોડાંક અપ્રિય અને કડવા નિર્ણયો લેવા પડે તો લેવાં જ જોઈએ. સમાજે આ બાબતે શૈક્ષણિક સંસ્થાઓને પણ નિર્વિવાદ સહકાર આપવો જોઈએ. સાદાઈનો ગુણ શીખવવા શાળા અને સમાજે હાથમાં હાથ મીલાવી આગેકૂચ કરવાની રહેશે. સાદગી તો જીવનનું ઘરેણું છે.

કામ-ક્રોધ-લોભ-મોહનું લગી મૂળ ન જાય જી;
સંગ પ્રસંગે પાંગરે, જોગ ભોગનો થાય જી.
પળમાં જોગી ને ભોગી પળમાં,
પળમાં ગૃહી ને ત્યાગી જી;
નિષ્કુળાનંદ એ નરનો વણ સમજ્યો વૈરાગ જી.

- નિષ્કુળાનંદ

❀ ❀ ❀

બાળક જ્યારે નિર્દોષ ચેષ્ટા કરી માતાપિતાની હૂંફ મેળવવા દોડી આવે ત્યારે તેમની પ્રથમ ફરજ બાળકને હૂંફ આપવાની છે.

❀ ❀ ❀

# પ્રહર પ્રહરની લીલા

- મનસુખ સલ્લા

કુદરતના સ્પર્શે ચોમેર સંજીવની ફેલાય છે. વસંત અને મદનનો જ નહિ, ગ્રીષ્મ અને શિશિરનો સ્પર્શ પણ નવનવોન્મેષશાલી હોય છે. એટલે એના તમામ પ્રહર ભાતીગળ એવા જ મોહક હોય છે. કદાચ ઉપલક નજરે બહારથી બધું સરખું લાગે, પણ સરખું હોતું નથી.

કુદરત જેટલાં વણખૂટ વૈવિધ્ય અને કુદરત જેટલી વિરાટ વિપુલતા ભાગ્યે જ બીજા કશામાં હશે. તેના દરેક અંશમાં નૂતન સ્ફૂરણા પ્રગટ થતી રહે છે. એના રૂપવૈવિધ્ય અને છાકની તુલનામાં માણસે કરેલી ભવ્યાતિભવ્ય રચના પણ સાધારણ લાગે. કુદરત તો અલ્લડ નવયૌવન શી ધમાકેદાર. પદેપદે એને નવી ઝંકૃતિ અને લીલા સૂઝે. અલ્પ, સંકીર્ણ કે અપૂરતું એને ન ખપે. એને તો વ્યાપી વળવું, બધાંને પોતાના રંગમાં રંગી દેવા, નાના તૃણથી નભ સુધી પ્રસાર કરવો ગમે. એનો વૈભવ અણમોલ હોય છે. એથી જ તો આ પૃથ્વી કદી પુરાણી કે ગતાનુગતિક બની નથી.

દિવસનો દરેક પ્રહર અનોખો. એની છટા અને ગતિ અલગ. એને ગમતા અને અણગમતાનું લેબલ તો આપણે મારી એ જ છીએ. કુદરતની તો એ સહજ લીલા હોય છે. સવાર-બપોર-સાંજ-રાત-મધરાત એમ એને ઓળખાવી પણ શકાય, પરંતુ એના રૂપવૈવિધ્યને હૃદયસ્થ કરીએ ત્યારે પમાય કે આ અનોખી સૃષ્ટિ છે. નગરની ગતિ સાંકડી, એકવિધ અને કૃત્રિમ હોય છે. એટલે જાતભાતના તરીકાઓથી શણગારવી પડે છે. પ્રહર વીતે, નવો પ્રહર પ્રવેશે એનું અસલ સૌંદર્ય અનુભવાય ગ્રામપરિવેશમાં કે કૃષિ સંસ્કૃતિમાં. વનપ્રદેશની મોહકતા પોતાની હોય છે. ત્યાં દરેક પ્રહરની છટા મનમોહક નીવડે છે.

સવારનાં જ કેટકેટલાં રૂપ હોય છે! ન રાત પૂરી વીતી છે, ન સૂર્યનો પૂરો પ્રવેશ થયો છે. એવી લીલાને ભળભાંખળું કે મોંસૂઝણું કહે છે. જાણે અંધકાર અને પ્રકાશનું મિશ્ર પોત વણાતું ન હોય! એ કાળે સઘળું અસ્પષ્ટ હોય છે. એમાં ઝળાહળા વીજળીથી પ્રદૂષિત થવા વિનાની અસ્પષ્ટતા હોય છે. આકારો કળાય પણ ઝાંખાપાંખા.

ટેવ ન હોય તેઓ એનાથી અકળાઈ પણ જાય. કારણ કે કશું સ્પષ્ટ અને ચોખ્ખું નથી હોતું. અસ્પષ્ટતા એ મોંસૂઝણાનું મૌલિક સૌંદર્ય છે.

ભળભાંખળા વખતે સઘળું હોય છે, ખબર પણ પડે છે, પરંતુ એનું રૂપ પૂરું પારખી શકાતું નથી. પનિહારીઓ વહેલી સવારે કૂવે પાણી સિંચતી હોય ત્યારે એની સ્પષ્ટ ઓળખ ન થાય; પરંતુ એના દેહના લયહિલ્લોલમાં સઘળું લાલિત્ય વ્યક્ત થાય છે. માથે બેડું મૂકીને નચિંતભાવે ચાલી જતી બે નારીઓ સહેજ અટકી, કાંઈક વાત કરી લે, વળી આગળ વધે એમાં આકારનું સૌંદર્ય હોય છે કે ગતિનું એ ઝટ કળી ન શકાય. એ ટાણે વૃક્ષો તો અંધકાર ઓઢીને ઊભેલા રૂખડિયા બાવા જેવા લાગે.

દૂરનાં વૃક્ષો તો અંધકારના ઢગલા જેવાં જ લાગે. ભળભાંખળું તમામ અંશોને અસ્પષ્ટ અંધકારથી એક કરી દે છે. એ વખતે દૂર ચાલ્યો જતો માણસ જાણે ઓળો ચાલ્યો જતો હોય એવો લાગે છે. દૂરથી મંદિર એવું લાગે જાણે આકાશમાં રંગીન ચિત્ર ચોંટાડી દીધું હોય.

ફળિયું આખી રાત કૂતરાની જેમ ટૂંટિયું વળીને સૂતું હોય. ક્યાંય કશી ગતિ ન અનુભવાતી હોય, તેમાં આકાશના કોઈક ખૂણે સૂર્યનું પહેલું કિરણ હજુ ક્ષિતિજે હોય ત્યાં આકાશમાં લાલિમા છવાઈ જાય. પક્ષીઓ જાગી ઊઠ્યાં હોય. આખી સૃષ્ટિને ચંચળતા, ગતિશીલતા અન ઉદ્યમનો અમૃતસ્પર્શ કરાવતા સૂર્યનારાયણ પ્રવેશે. સવાર રમણીય બની જાય. ઘડી પહેલાં જે અસ્પષ્ટ રૂપે હતું તે સ્પષ્ટ અને અંગાંગથી આગવું બની જાય. આ પરિવર્તન આપણાં મન-હૃદયને અકથ્ય ભાવોથી ભરી દે. એને કેવળ અંધારું-અજવાળું એવાં નામ આપવાનું કરીએ તો ભોંઠા પડવાનું થાય. કહો કે એના લાવણ્યથી વંચિત રહી જવાય.

પ્રહરનાં રૂપ પણ ઋતુ પ્રમાણે વિશિષ્ટ હોય છે. મધ્યાહ્‌ન એટલે બપોર એટલું જ આપણું ગણિત હોય તો એ ખોટું પડે. કેવળ સૂર્યની પ્રખરતાને આધારે અવલોકન કરીએ તો સ્થૂળ રૂપ જ હાથ લાગે. શિયાળાનો મધ્યાહ્‌ન, ઉનાળાનો મધ્યાહ્‌ન અને વર્ષાઋતુનો મધ્યાહ્‌ન એકસમાન નથી હોતા. શિયાળાનો મધ્યાહ્‌ન દાદાજી જેવો પ્રેમાળ અને પોતીકો લાગે. એની હૂંફ ટકી રહે એવી મનમાં ઝંખના થાય. એની ઉષ્મા મોહક લાગે. જો કે એને પણ એકધારા સેવી ન શકાય. સ્થાનફેર કરતાં રહેવું પડે. પંરતુ શિયાળાનો મધ્યાહ્‌ન સર્વસ્વીકાર્ય હોય છે એટલું પાક્કું. એ સૌનો ગમતીલો હોય છે. કેવળ વૃક્ષો જ નહિ, પુષ્પો પણ સૂર્યની ઊર્જા પામીને એને નૂતન રીતે અભિવ્યક્ત કરે છે.

ઉનાળાનો મધ્યાહ્‌ન અકળાવવાનું, દઝાડવાનું, બાળવાનું ઝાઝું કરે. આખી સૃષ્ટિ મૂર્છા પામી હોય એવી અચંચલ બની જાય. ખેતર, વાડ, રસ્તા, વૃક્ષો, નદી બધે ઉનાળાનો મધ્યાહ્‌ન પોતાની હાજરી પૂરાવે. એની પ્રખરતાથી એવું લાગે કે પૃથ્વી પણ ઘડીક પોતાની ધરી પર ફરવાનું અટકાવીને સ્થિર થઈ ગઈ છે. ઉનાળાનો મધ્યાહ્‌ન ડામ દેવા માટે તપાવેલા સળિયા જેવો ઉગ્ર બની જાય. એની લપેટમાં આવ્યા એટલે દઝાડે જ. પરંતુ એ જ મધ્યાહ્‌ન સંધ્યા તરફ ઢળતાં ધીમા પગલે નમ્ર બનીને ચાલતો હોય.

વર્ષાનો મધ્યાહ્‌ન પલળેલાં કપડાં જેવો હોય. ઘડીક ભીનો, ઘડીક સૂકો, વર્ષાનો ભેજ અને મધ્યાહ્‌નનો પ્રકાશ જાણે સંતાકૂકડી રમતા હોય એમ દેખાય - અલોપ થાય. એમાં અકસ્માતનું તત્ત્વ સૌથી પ્રબળ હોય. વર્ષા, પવન, પ્રકાશ, અંધકાર - કોણ ક્યારે આવી ચડશે તેનું અનુમાન અઘરું જ નહિ, અશક્ય પણ બને. તમામ ઋતુના મધ્યાહ્‌નને ઓળખાવાય તો મધ્યાહ્‌નરૂપે જ, પંરતુ દરેક ઋતુના મધ્યાહ્‌નનો મિજાજ અલગ, ગતિ અલગ, અસર અલગ.

સંધ્યા ઉપર ઓળઘોળ ન થયા હોય એવા કવિઓ ઓછા હશે. પહેલી નજરે તો સંધ્યા એટલે દિનાન્ત એટલું દેખાય. બધાથી વિચ્છેદ. પરંતુ એ પૂરતું નથી. હકીકતે સંધ્યા એ મિલનસ્થાન છે : અજવાસ અને અંધકારનું, દિવસ અને રાતનું, પ્રવૃત્તિ અને નિવૃત્તિનું, સ્પષ્ટતા અને અસ્પષ્ટતાનું. આ સઘળાંના

મેળાપનું મુહૂર્ત એ સંધ્યા છે. જેમ ઉષાનું આકાશ અનોખું એમ સંધ્યાનું આકાશ સૃષ્ટિને રંગવૈવિધ્યથી મનોહરતા પ્રદાન કરે. દિવસભરની પ્રવૃત્તિ અને ગતિશીલતા સંધ્યાટાણે શાંત પગલે ચાલે. સંધ્યા એટલે ઘર ભણીની ગતિ. પક્ષીઓ માળામાં પાછાં વળે. પશુઓ પોતાનાં મૂળસ્થાને આવવા વળે. નાના જીવો પોતાના આશ્રયસ્થાનને વહાલું કરે. મનુષ્યો જિંદગીના ઊથલધડાને કોરાણે મૂકીને અલસ ભાવે ઘર ભણી વળે. ગ્રામપરિસરમાં મંદિરની આરતી અંદર ભણી ડોકિયું કરવા પ્રેરે. સંધ્યા વિરામનો પ્રહર છે. કેવળ મનુષ્યો જ નહિ, સૂર્યનારાયણ પણ પોતાના અશ્વોને દિવસભરની દોડધામ પછી વિરામ આપવો હોય એમ એની ગતિ ધીમી કરી નાખે. પવન ઉગ્રતા છોડી શાંત ગતિએ વહેવા માંડે. ક્યારેક તો લાગે કે સવાર કરતાંય સંધ્યાની શાંત ગતિ અને રંગરમણા વધુ સુંદર હોય છે. ત્યારે સૌ કોઈ જીવો ગતિમાંથી સ્થિતિમાં જવા આતુર બની જાય છે.

રાતને ત્રણ ભાગમાં અનુભવી શકાય : પ્રારંભ સંધ્યારૂપે, અસરકારકતા મધરાતરૂપે અને વિદાયની સ્થિતિ મોંસૂઝણારૂપે. રાતના પ્રહર અનોખા એમ એનાં રૂપ પણ આગવાં. રાત પશુ-પક્ષીઓ માટે અલગ અને મનુષ્યો માટે પણ અલગ. અન્ય જીવો માટે રાત એટલે સંપૂર્ણ સમર્પણ. રાતને ખોળે ગયા કે શાંત થઈ જાય. ઉજાગરા ન કરે. પણ માણસ ઊંઘ આવતી હોય છતાં જાગી શકે. કેટલાક તો વળી રાતે બેવડા પ્રવૃત્ત થાય. શાસ્ત્રોએ કહ્યાથી ઊલટી રીતે વર્તવાની જાણે પ્રતિજ્ઞા ન લીધી હોય! માણસનું કાંઈ ન કહેવાય.

આ સૌમાં મધ્યરાત્રિનું રૂપ ખૂબ વિલક્ષણ. વાયુ શાંત રીતે વહેતો હોય. નિંદ્રામાં ડૂબેલા લોકો અને પશુ-પક્ષીઓ જ નહિ, જાણે આખી સૃષ્ટિ વિરામ ન કરી રહી હોય! એ વખતની નિસ્તબ્ધતા સ્પર્શી જાય. એ વેળાએ માર્ગની ધૂળ, વૃક્ષો અને આકાશના તારાઓ પણ ઝોલું ખાઈ લેતાં હોય છે. ચંદ્ર ભૂલા પડેલા બાળક જેવો એકલો-અટૂલો શાંત, નીરવ, મંદપ્રાણ બની જાય છે. એ વખતે ક્યાંક કૂતરું ભસી ઊઠે ત્યારે ઘડીક સંચાર અનુભવાય, વળી બધું શાંત-સ્તબ્ધ થઈ જાય.

એમાંય સુદ અને વદની આઠમ કે પૂનમ અને અમાસની મધ્યરાત્રીનું સૌંદર્ય અવિસ્મરણીય હોય છે. એનાં અજવાળામાંથી બહાર નીકળ્યાં પછીનાં કે અંધકારની વચ્ચેનાં રૂપો ક્ષણે ક્ષણે નવી નવી અનુભૂતિઓ કરાવે. તો બીજના ઘડીક અંધકાર અને ઘડીક અજવાસની રમણામાં આપણે મુગ્ધભાવે ખોવાઈ જઈએ, જાણે અંધકાર અને અજવાસ એકબીજામાં ઓગળતા ન હોય! મધ્યરાત્રીની આગવી વિશેષતા છે - કોઈ એક રૂપમાં બંધાઈ ન રહેવું. સ્થિતિ-પલટા થતા જ રહે. એનું સૌંદર્ય માણવા માટે તો હોશ અને પ્રેમ હોવાં જોઈએ.

પ્રહરોનું ચક્ર અવિશ્રાંત ફરતું રહે છે. પોતાની એકધારી કામગીરીથી માણસને કંટાળો આવે છે. એટલે આઘોપાછો થાય છે, લે-મૂકે છે, મચી પડે કે સમૂળગો વેગળો થઈ જાય છે. જાતભાતના વિકલ્પો શોધે છે. ત્યારે વિસ્મય થાય કે કુદરત લાખો વર્ષોથી ઋતુઓ અને પ્રહરોનું સર્જન કરીને સૌંદર્યની નવી નવી સૃષ્ટિ સર્જતી રહે છે. એને માટે તો કશુંય એક સરખું એનું એ કે પુનરાવર્તનરૂપ નથી હોતું.

હા, કદાચ બાહ્ય રૂપમાં સરખાપણું લાગે, પરંતુ એની આંતરગતિ દરેક વખતે વિશિષ્ટ હોય છે. એકધારાપણાના કંટાળાનો ઉત્તર કુદરતે એની સૌંદર્યલીલામાં શોધ્યો છે. ક્યાંક રૂપ, ક્યાંક રંગ, ક્યાંક આકાર, ક્યાંક અભિવ્યક્તિમાં નાનો સરખો ફેરફાર આખી ઘટનાને નૂતનતા પ્રદાન કરે છે. એટલે કુદરતમાં અપૂર્વતા અને નૂતનતા પૂરબહારમાં હોય છે. કુદરત થોડી કોઈના અભિપ્રાયની મોહતાજ હોય છે? માણસ નજર પણ ન નાખે છતાં કુદરત એનું લીલા વૈવિધ્ય પ્રગટાવે જ. એને તો અભિવ્યક્તિ એ જ અસ્તિત્વ. એટલે પ્રત્યેક ક્ષણે અકથ્ય ભાવલીલાઓ સર્જાતી રહે છે. આપણે એમાં દખલગીરી ન કરીએ અને મોકળા મને ભળી શકીએ તો ધન્ય ધન્ય!

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૦ થી ચાલુ)

સર્જન થઈ રહ્યું છે એવું જ એઆઈમાં થશે. એક્સપર્ટ્સ કહે છે, ડરો નહીં. શરૂઆતમાં નોકરીઓ જશે તેની સામે નવી નોકરીઓ ઝડપભેર સર્જાશે.

એઆઈ એન્જિનિયરિંગના કોર્સ પણ શરૂ થયા છે. આઈટી સેક્ટરમાં એઆઈની વિશેષ તાલીમ આપવામાં આવી રહી છે. ઘણાં ક્ષેત્રોમાં એવી ઝુંબેશ ચાલે છે કે એઆઈ તમારા કામમાં કેવી રીતે મદદ કરી શકે છે. જે લોકો એઆઈની મદદ લઈને કામ કરતાં શીખી જશે તેમને કદાચ નોકરી ગુમાવવાનો એટલો ભય નથી. એઆઈ પર નિયંત્રણ મૂકીને પણ તેની મદદ લેવામાં આવે તો ઘણાં હકારાત્મક પરિણામો મળી શકે તેમ છે. એઆઈથી શિક્ષણ અને સ્વાસ્થ્યમાં આમૂલ પરિવર્તન આવી રહ્યું છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૮ થી ચાલુ)

હવે ગુનેગારી, ભ્રષ્ટાચાર, અનૈતિકતા એ બધું સહજ છે. આપણને કાયદાનું પાલન કરવું જરાય ગમતું નથી. સરકાર કે જે-તે એકમ દ્વારા ઊભા કરેલા કાયદાઓ અને પદ્ધતિને (સિસ્ટમ) આપણે ગંભીરતાથી લેતા નથી. કારણ કે ગુનેગારી અને અરાજકતા આ દેશમાં બીક વિનાની છે. પ્રામાણિકતાની બીમારીનું આ જ મૂળભૂત કારણ હોઈ શકે.

નીટ પરીક્ષાના ગોટાળા બાદ સરકારે આ અંગે ગંભીરતાથી વિચારી તેની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવી જોઈએ. જે-જે યુનિવર્સિટીઓ ઉત્તમ ગુણવત્તાના આગ્રહી છે તેમને સ્વતંત્રતા આપી સારા વિદ્યાર્થીઓને પસંદ કરવાની, તેમજ પોતાની રીતે સિસ્ટમ ઊભી કરવાની છૂટ આપવી જોઈએ. અથવા તો આવી પરીક્ષા પદ્ધતિનું વિકેન્દ્રીકરણ રાજ્યવાર કરવું અથવા તો આ અંગે જુદી જુદી ઝોનવાઈઝ સિસ્ટમ દાખલ કરી શકાય.

આવો, આવી અનૈતિકતાથી ''જરા-હટકે'' ચાલવાની, સમાજની દરેક વ્યવસ્થા અને સંચાલનમાં નિષ્ઠા અને પૂર્ણ પ્રમાણિકતાની સ્થાપના થાય એવી શુભ અભ્યર્થના.

❀ ❀ ❀

વાલી પોતાના બાળકો તરફ બેદરકાર બની છટકી જઈ શકે નહિ અને શિક્ષક વાલીના નામે પોતાની પવિત્ર ફરજ છોડી શકે નહિ.

❀ ❀ ❀

# કેળવી શકે તે કેળવણી

- નિધિ મહેતા

શિક્ષણ એટલે માત્ર એકેડેમિક અભ્યાસક્રમને લગતું અપાય છે એ જ નહીં, પરંતુ આ શિક્ષણ તો આજીવન ચાલતી પ્રક્રિયા છે. દરેક માણસ આજીવન વિદ્યાર્થી છે. જે દરેક ક્ષણે કંઈક નવું શીખે છે. ત્યારે આ શિક્ષણ જીવનલક્ષી બને તે ખૂબ જરૂરી છે. આપણું શિક્ષણ માત્ર પરિણામલક્ષી રહે તે યોગ્ય નથી. બાળક જે કંઈ પણ શીખે અને સમજે તે જીવનના લક્ષમાં લઈને શીખે. નહીં કે માત્ર પરીક્ષા પાસ કરવાના હેતુથી અને આર્થિક ઉપાર્જન કરવાના હેતુથી જ શિક્ષણ મેળવાય. શિક્ષણ માણસને કેળવે છે. શિક્ષણ આપણી જ્ઞાન અને વિચારોની ક્ષિતિજોને વિકસાવે છે. સાવ અણઘડ બાળકને સમજદાર વ્યક્તિ બનાવે છે. તો જે શિક્ષણ માત્ર પુસ્તકલક્ષી બની રહે તે યોગ્ય નથી.

કારણ કે આપણી રાષ્ટ્રીય શિક્ષણનીતિ NPE-2020 અને NCF-2021ના ઢાંચા મુજબ પણ બાળકને શીખવવાના અભિગમ અંતર્ગત આ જ વાતો પર ધ્યાન આપવામાં આવ્યું છે. જેમાં બાળકની શીખવાની પ્રવૃત્તિમાં મદદગાર થઈ શકે તેવી દરેક પ્રકારની શિક્ષણ સામગ્રી ઉપલબ્ધ કરાવવી જોઈએ. બાળકના રસ અને રુચિને પોષક એવું વાતાવરણ શિક્ષણ સંસ્થાઓમાં ઊભું કરવું પડે. શિક્ષકો દ્વારા PTR ને માત્ર આંકડાની રીતે નહીં પણ તેને ઉપાયની રીતે યોગ્ય ઉપયોગમાં લેવો જોઈએ. બાળકોને શીખવવાના અભિગમ અંતર્ગત શિક્ષણ અને શિક્ષણને લગતા કાર્યક્રમો બાળકની જિજ્ઞાસાને સંતોષ આપનારા, તેની આંતરિક શક્તિને ઉજાગર કરતા અને પોતાની પ્રતિભાને શોધવાની આઝાદી આપનાર હોવા જોઈએ. ટૂંકમાં શીખવાની પ્રક્રિયા બાળકનો સંપૂર્ણ વિકાસ કરનારી હોવી જોઈએ. અને આવા શૈક્ષણિક માહોલનો લાભ બાળકને કાયમ મળવો જોઈએ. કારણ કે આ રીતે શીખવા માટે સહયોગી બનેલું વાતાવરણ બાળકને શીખવાનો અને તેના વ્યક્તિત્વ વિકાસનો સંપૂર્ણ અનુભવ આપશે. આપણા શિક્ષણશાસ્ત્રીઓ અને વિશેષજ્ઞના તર્ક મુજબ શરૂઆતના શાળાશિક્ષણનો જીવનમાં ખૂબ મોટો પ્રભાવ હોય છે.

એટલે એ સમયના શિક્ષણમાં NPE-2020 અને NCF-2021માં દર્શાવ્યા મુજબ ભૌતિક સુવિધા, સંસાધનો, શિક્ષણ સામગ્રી અને પરિસ્થિતિગત વ્યવસ્થા બાળકને કેન્દ્રસ્થાને રાખી ગોઠવવામાં આવે તો શિક્ષણમાં ઉત્તમ પરિણામો મેળવી શકાય.

કારણ કે બાળકનો સમગ્ર વિકાસ એ માત્ર શિક્ષક દ્વારા અપાતા પુસ્તકલક્ષી શિક્ષણ અને શિક્ષકની પ્રવૃત્તિઓ પર જ નિર્ભર નથી, પરંતુ બાળકનો સંપૂર્ણ વ્યક્તિત્વ વિકાસ એ સંવેદનાસભર અનુભવ પર નિર્ભર છે, કે જે બાળક વર્ગની અંદર અને વર્ગની બહારના ભૌતિક માહોલમાંથી મેળવે છે. જેનાં દ્વારા પણ તે ઘણું બધું શીખે છે ત્યારે આ શીખવવાના અભિગમ અંતર્ગત શિક્ષકની જવાબદારી વધી

જતી હોય છે.

પરીક્ષામાં અવ્વલ નંબરે પાસ થતું બાળક ઘણી વખત જીવનના પ્રશ્નો સામે હારી થાકી જાય અને નિરાશામાં ગરકાવ થઈ જાય એ કેટલી હદે યોગ્ય છે? પરીક્ષાઓ સમયે માતાપિતાને કે પરિવારને અને શિક્ષકોને પણ એટલું જ કહી શકાય કે, કોઈપણ પરીક્ષા જિંદગીનું આખરી સ્ટેશન તો નથી જ. માટે બાળકો પર આપણી અપેક્ષાઓનો એટલો બોજો ન લાવીએ કે તે હળવાશથી ચાલવાનું ભૂલી જાય. અને કદાચ ક્લાસની પરીક્ષાના ગુણ ઓછા હશે તો ફરી પ્રયત્ન કરી વધારી શકાશે. પણ જીવનની પરીક્ષામાં પાસ થઈ શકે એવું તો એને શીખવું જ પડશે. કેમકે, નાપાસ થયા પછી પણ ફરી મહેનત કરી પાસ થઈ જ શકાય છે એટલી સમજણ એને આપવી પડશે. કોઈ એક નિષ્ફળતા એ પૂરી જિંદગી નથી કે પૂર્ણતા નથી. કદાચ ત્યાંથી પણ નવી શરૂઆત થઈ શકે. આવો વિશ્વાસ એનામાં ઊભો કરવો પડશે.

કારણ કે આપણી શિક્ષણનીતિમાં બાળકને કેન્દ્રમાં રાખી બધા જ મુદ્દાઓ પર વિસ્તૃત માહિતી આપેલ હોવા છતાં આપણી શિક્ષણ વ્યવસ્થાએ શિક્ષણને માત્ર ને માત્ર પૈસા કમાવવા માટેનું જરૂરી હથિયાર બનાવી દીધું છે. તેથી શિક્ષણ માત્ર અભ્યાસક્રમ અને પરિણામ પૂરતું સીમિત થઈ જાય છે. આપણે બધાઓએ સત્ય સ્વીકારવું જ પડશે કે બધા ભણવામાં અવ્વલ હોય એ જરૂરી નથી. દરેક બાળકમાં કોઈને કોઈ વિશેષતા હોય જ છે. કોઈને કોઈ એક વાત માટે યુનિક હશે જ. બની શકે ભણવામાં ન પણ હોય પણ એને ગાવાનું, બોલવાનું, ખેલકૂદ આવી કોઈ પ્રવૃત્તિમાં વધુ રસ હોય અને એમાં તે એનું ૧૦૦% આપી શકતું હોય. તો એને ભણવામાં નબળું પરિણામ આવવાથી નઠારુ માની લેવું એ યોગ્ય નથી. અને બાળકની અંદર રહેલા દરેક કૌશલ્યનો વિકાસ થવાની પૂરી શક્યતાઓ અને સહયોગ ભર્યું વાતાવરણ બાળકને મળવું જોઈએ એવું NPE અને NCFના માળખામાં પણ જણાવેલું છે.

વળી આ શિક્ષણ એ ઊભયલક્ષી પ્રક્રિયા છે એટલે જેટલી જવાબદારી શિક્ષકની છે એટલી જ જવાબદારી સામે પક્ષે સમાજની છે. વાલી તરીકે બાળકના માતા-પિતાની છે. શિક્ષક હોય કે માતા-પિતા, બાળકનો ઉછેર એટલે ખૂબ મહેનત માંગી લેતી પ્રક્રિયા છે.

ત્યારે વાત જ્યારે શિક્ષણની કે પરીક્ષાની આવે ત્યારે એટલું યાદ રાખવું કે, આજનું બાળક છે એનું ભાવવિશ્વ કુતુહલથી ભરેલું છે. અને સતત એની જિજ્ઞાસાઓના જવાબ મેળવવા તે આતુર છે. આજની જનરેશનના બાળકો પહેલાની જેમ નથી કે, તમે જે જવાબ આપશો એ સાચો માની લેશે કે સ્વીકારી લેશે. કેમ કે એની પાસે જવાબ મેળવવા માટે ઘણા બધા વિકલ્પો અવેલેબલ છે. માટે જો આપણે એના સવાલોનો સાચો જવાબ નહીં આપીએ અથવા તો એના સવાલોને ટાળી દઈશું ત્યારે તે બહારના વિશ્વમાં કોઈપણ સંસાધનોનો ઉપયોગ કરી પોતાના જવાબો મેળવવા મથશે અને કદાચ મેળવી પણ લેશે. પરંતુ તે કેટલાક સચોટ છે, એમાં કેટલું તથ્ય છે અને એમાંથી શું ગ્રહણ કરશે? એ આપણને ખબર નથી. પોતાના જવાબ મેળવવા માટે બાળક પાસે Google એ સૌથી મોટો ઓપ્શન છે અને આ Google

પાસેથી બાળક જે ગ્રહણ કરે છે તે માહિતી કહી શકાય. જ્ઞાન નહીં. જ્ઞાન માટે તો ગુરુ જોઈએ, માતાપિતા જોઈએ, મિત્રો અને સમાજમાંથી જ મળે. એના સવાલોને દબાવ્યા વગર એના સાચા જવાબો આપવાના પ્રયાસો કરવા. આપણું બાળક જ્યારે આપણને કોઈ પ્રશ્ન કરે ત્યારે એને આપણને મળેલી કેળવણી અને અનુભવોના આધારે લોજીકલી તથ્યો સાથે એ સમજી અને સ્વીકારી શકે એવો જવાબ આપો, એ જાગૃત મા-બાપ કે શિક્ષક તરીકે આપણી જવાબદારી છે.

બાળકના મગજમાં પરીક્ષાનો ડર કે દબાણ એટલું ન લાવો કે જેના કારણે બાળક ભણવાથી દૂર ભાગે. તેને શિક્ષણનું મહત્ત્વ સમજાવો. બાળક માટે પરીક્ષા એ આફત નહીં અવસર બને એવું વાતાવરણ આપો. બાળક પરીક્ષાની તૈયારી કોઈ ભય કે ડરથી નહીં પણ આનંદ ને ઉત્સાહથી કરે, એવો માહોલ પરિવાર અને શિક્ષકોએ બાળકને આપવો પડે. પરીક્ષાને પ્રેશર નહીં પ્રસંગ બનાવી પૂર્વતૈયારીઓ કરવા બાળકને પ્રેરિત કરો.

વળી આપણા બાળકોને આપણે એની ટકાવારીથી મુલવવાનું બંધ કરીએ. આપણા પ્રેમના પરિમાણો બાળકની સિદ્ધિઓના આધારે બદલાય નહીં. આપણું બાળક કુમળું ફૂલ છે એના માળી બની આપણે માવજત કરવાની છે. માલિક બની એના પર શાસન નથી કરવાનું. પરિવારમાં પણ બાળકની બીજા બાળક સાથે તુલના નથી કરવાની. અને એ જ રીતે શિક્ષકે પણ ક્લાસના અન્ય બાળકથી બીજા બાળકની તુલના ન કરવી જોઈએ. અને ખરેખર નબળા બાળકને વધુ સ્નેહ ને સમજણની જરૂર હોય છે. ત્યારે એ બાળક પર કરુણાદૃષ્ટિ રાખી તેના સવાલોના સચોટ જવાબો આપવા જોઈએ. અને તેના મનમાં પરીક્ષાને લઈને ખોટો ભય ઊભો થતો અટકાવવો જોઈએ. તો આપણા બાળકોને આપણે એકેડેમિક પરીક્ષાઓ માટે જ નહીં જીવનરૂપી પરીક્ષાઓ માટે પણ તૈયાર કરીએ. આપણા બાળકોને આપણે કોઈપણ પરીક્ષાથી ડરાવ્યા વગર પરીક્ષાનો અવસર ઉજવીએ.

પરીક્ષાઓને માથાનો ભાર બનાવી બાળકોના માથે લાદવાના બદલે બાળકો પરીક્ષાના પ્રેમમાં પડે એવું વાતાવરણ આપીએ. તે કોઈ પણ પરીક્ષાથી ભાગે નહીં પણ તે ક્ષણ ભોગવે એવું કરીએ. તો આમ શીખવવાના યોગ્ય અભિગમ અંતર્ગત બાળકને પરીક્ષાલક્ષી શિક્ષણના બદલે જીવનલક્ષી શિક્ષણ આપીએ. જે શિક્ષણ એનામાં ઉગે એના વ્યક્તિત્વને નવી દિશાઓ આપે ત્યારે તે શીખવવાની કે શિક્ષણની પ્રક્રિયા પરિપૂર્ણ થઈ ગણાશે.

શિક્ષણનીતિમાં દર્શાવેલ નિયમો જ્યારે વ્યવહારુ રીતે શિક્ષણ ક્ષેત્રે ઉપયોગમાં લેવાશે ત્યારે જ શિક્ષક અને શિક્ષણ બંનેની ભૂમિકા ચરિતાર્થ થશે. તો બાળક પરીક્ષાથી ડરશે નહીં. તે માર્કસ માટે નહીં જ્ઞાન માટે અભ્યાસ કરશે.

યાદ રાખીએ કે કોઈ ત્રણ કલાકની કસોટી
''બાળકનાં વ્યક્તિત્વને માપી શકે નહીં,
તેનું મૂલ્ય આંકી શકે નહીં કે
તેનું ભવિષ્ય વાંચી શકે નહીં.'

આ વાત ઘણાં સફળ વ્યક્તિત્વના જીવનમાં જોવા મળે છે.

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**ધોરણ-૧૦-૧૨ની બોર્ડ પરીક્ષામાં આ વર્ષે ૧.૧૦ લાખથી વધુ વિદ્યાર્થી ઘટ્યા : (ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫)**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૫ની બોર્ડ પરીક્ષા માટેના વિદ્યાર્થીઓનો આંકડાકીય રિપોર્ટ જાહેર કર્યો છે. જે મુજબ આ વર્ષની બોર્ડ પરીક્ષા માટે કુલ ૧૪,૨૮,૧૭૫ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમાં ૧.૧૫ લાખથી વધુ રીપિટર વિદ્યાર્થી અને ૩૨ હજારથી વધુ આઈસોલેટેડ તેમજ ૩૯૬૦૦ થી વધુ ખાનગી વિદ્યાર્થીઓ છે. આ વર્ષે એકંદરે કુલ ૧.૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓમાં ઘટાડો થયો છે.

| ધોરણ | નિયમિત | રીપિટર | પૃથક્ક | ખાનગી | ખાનગી રીપિટર | કુલ |
|---|---|---|---|---|---|---|
| ધોરણ-૧૦ | ૭૬૨૪૯૫ | ૮૨૧૩૨ | ૨૮૪૧૪ | ૧૫૫૪૮ | ૪૨૯૩ | ૮૯૨૮૮૨ |
| ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ | ૩૬૪૮૫૯ | ૨૨૬૫૨ | ૪૦૩૧ | ૨૪૦૬૧ | ૮૩૦૬ | ૪૨૩૯૦૯ |
| ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ | ૧૦૦૮૧૩ | ૧૦૪૭૬ | ૯૫ | ... | ... | ૧૧૧૩૮૪ |
| કુલ | ૧૨૨૮૧૬૭ | ૧૧૫૨૬૦ | ૩૨૫૪૦ | ૩૯૬૦૯ | ૧૨૫૯૯ | ૧૪૨૮૭૫ |

**૨૦૨૩-૨૪માં શાળાઓમાં ૩૭ લાખ એડમશિન ઓછા થયા :**

સમગ્ર દેશની શાળાઓમાં ૨૦૨૩-૨૪માં એડમશિન ગયા વર્ષની સરખામણીમાં ૩૭ લાખ ઓછા થયા છે તેમ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયના યુડાઈસ ડેટામાં જણાવવામાં આવ્યું છે. શિક્ષણ મંત્રાલય સમગ્ર દેશમાં શાળાઓના શિક્ષણના આંકડા એકત્ર કરવા માટેનું સંચાલન પણ કરે છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં શાળાઓમાં એડમિશન લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૫.૧૭ કરોડ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪માં એડમિશન લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૪.૮૦ લાખ રહી છે. આ સમીક્ષા હેઠળના સમયગાળામાં છોકરાઓના એડમિશનમાં ૧૬ લાખનો ઘટાડો થયો છે. એડમિશન લેનારાઓમાં લઘુમતી વિદ્યાર્થીઓનું પ્રમાણ ૨૦ ટકા રહ્યું છે. લઘુમતીઓમાં મુસ્લિમો ૭૯.૬ ટકા, ખ્રિસ્તીઓમાં ૧૦ ટકા, શીખો ૬.૯ ટકા, બુદ્ધો ૨.૨ ટકા, જૈનો ૧.૩ ટકા અને પારસી ૦.૧ ટકા હતા.

રાષ્ટ્રીય સ્તરે યુડાયસ પ્લસમાં (યુનિફાઈડ ડિસ્ટ્રીક્ટ ઈન્ફરમેશન સિસ્ટમ ફોર એજ્યુકેશન) (યુડાયસ) રજિસ્ટર્ડ થયેલા વિદ્યાર્થીઓ પૈકી ૨૬.૯ ટકા વિદ્યાર્થીઓ જનરલ કેટેગરી, ૧૮ ટકા એસસી, ૯.૯ ટકા એસ.ટી. અને ૪૫.૨ ટકા ઓબીસી કેટેરગરીના હતા. એડમિશનમાં થયેલા આ ઘટાડામાં ૨૧ લાખ છોકરાઓ અને ૧૬ સોળ લાખ છોકરીઓનો ઘટાડો થયો હતો.

**ધોરણ-૧૦માં પાસ થવાના ઉદ્દેશથી બેઝિક ગણિત પસંદ કરનારા વધીને ૭.૮૧ લાખ :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા છેલ્લા ચાર વર્ષથી બેઝિક ગણિત અને સ્ટાન્ડર્ડ ગણિત એમ બે ગણિતના પેપરોનો વિકલ્પ ધોરણ-૧૦ના વિદ્યાથીઓને આપવામાં આવે છે. ત્યારે ૮૦ થી ૯૦% વિદ્યાર્થીઓ બેઝિક ગણિત જ પસંદ કરીને તેમાં પરીક્ષા આપતા હોય છે. આ વર્ષે બેઝિક ગણિત રાખનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થતાં ૭.૮૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે સ્ટાન્ડર્ડ ગણિતમાં માત્ર ૬૧ હજાર વિદ્યાર્થીઓ જ નોંધાયા છે.

ગયા વર્ષે ધોરણ-૧૦માં ૬૩૫૮૬૬ વિદ્યાર્થીઓએ બેઝિક ગણિત પસંદ કર્યું હતું. અને ૭૦૦૯૭ વિદ્યાર્થીઓએ સ્ટાન્ડર્ડ ગણિત પસંદ કર્યું હતું. આ વર્ષે બેઝિક ગણિત પસંદ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ધરખમ વધારો થતાં ૭૮૧૭૪૧ વિદ્યાર્થીઓએ બેઝિક પસંદ કર્યું છે. જ્યારે ૬૧૨૬૪ વિદ્યાર્થીઓએ સ્ટાન્ડર્ડ ગણિતનો વિકલ્પ પસંદ કર્યો છે.

**પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકોની જિલ્લા ફેરબદલી કરવા આદેશ :**

રાજ્ય સરકારના આદેશથી સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોની જિલ્લા ફેરબદલી અને જિલ્લા આંતરિક ફેરબદલીના કેમ્પો યોજાયા હતા. ત્યારે કેટલીક જગ્યાઓ ખાલી રાખવામાં આવી હતી. હવે સરકારે પ્રાથમિક શિક્ષણ વિભાગને મુખ્ય શિક્ષકોની જિલ્લા ફેરબદલી માટે આદેશ કર્યો છે. કુલ ખાલી જગ્યાઓના ૭૫ ટકા જગ્યાઓ જિલ્લા ફેરબદલી કેમ્પથી ભરવા સરકારે આદેશ કર્યો છે.

**ગુજરાતની ૩૩ ટકા શાળાઓમાં જ હવે ઈન્સપેકશન, ૬૭ ટકા શાળાઓમાં સ્વમૂલ્યાંકન :**

સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને

ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૨૦૦૯થી શરૂ કરાયેલા સ્કૂલ એક્રેડિટેશન-ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત ૨૦૧૯થી શરૂ થયેલા ગુણોત્સવ ૨.૦ પ્રોગ્રામમાં ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી સ્કૂલ એક્રેડિટેશન (મૂલ્યાંકન)ની નવી ગાઈડલાઈન તૈયાર કરાઈ છે. જેમાં ગુજરાતની કુલ ૩૮ હજારથી વધુ સરકારી-ગ્રાન્ટેડ શાળાઓમાંથી ૩૩ ટકા શાળાઓમાં જ હવે ઈન્સપેક્શન થશે. એટલે કે સ્કૂલ ઇન્સપેક્ટરો - સીઆરસી-બીઆરસી દ્વારા વર્ગખંડમાં જઈને શાળાકીય ગુણવત્તાની તપાસ કરશે. જ્યારે ૬૩ ટકા શાળાઓનું પોતાનું મૂલ્યાંકન રહેશે અને તેના ડેટાના આધારે જ સમગ્ર ગુણોત્સવનું પરિણામ તૈયાર થશે.

## સી.એ. ફાઈનલનું ૧૩.૪૪ ટકા પરિણામ

## અમદાવાદની રિયા દેશમાં બીજા ક્રમે

આઈસીએઆઈ દ્વારા નવેમ્બરમાં લેવાયેલી સીએ ફાઈનલની પરીક્ષાનું પરિણામ સમગ્ર દેશનું ૧૩.૪૪ ટકા રહ્યું છે. અમદાવાદ શહેરનું ઘટીને ૧૫.૪૯ ટકા નોંધાયું છે. આ પરિણામમાં અમદાવાદની વિદ્યાર્થિની રિયા દેશમાં બીજા ક્રમે આવી છે અને ગુજરાતમાં પ્રથમ રહી છે. નવેમ્બરની આ સી.એ. ફાઇનલની પરીક્ષા બાદ સમગ્ર દેશમાં ૧૧૫૦૦ વિદ્યાર્થી ચાર્ટડ એકાઉન્ટન્ટસ તરીકે ક્વોલિફાઈ થયા છે, જેઓને હવે સીએની ડિગ્રી એનાયત થશે.

## ગ્રંથાલય નામકરણ સ્મૃતિવિશેષ ''ગ્રંથ અને ગ્રંથાલય'' પરિસંવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલયના ઉપક્રમે ગ્રંથાલયના નામકરણ (૨૯-૧૧-૧૯૮૩) સ્મૃતિ વિશેષ પરિસંવાદ ''ગ્રંથ અને ગ્રંથાલય''નું આયોજન થયું હતું. જેમાં ગ્રંથાલય મંત્રી શ્રી પરીક્ષિત જોશીએ ચી.મં. ગ્રંથાલય અને તેના આગામી આયોજનો વિશે વાત કરી હતી. તેમજ પરિષદ પ્રમુખ શ્રી હર્ષદભાઈએ બીજ વકતવ્ય આપતાં જણાવ્યું હતું કે સ્વતંત્રપણે બાળગ્રંથાલય અને મહિલા વિભાગ ઊભો કરવાનું આયોજન છે.

## શ્રી હિમાંશી શેલતને કુવેમ્પુ પુરસ્કાર

ગુજરાતના જાણીતા સર્જક શ્રી હિમાંશીબહેન શેલતને તેમણે સાહિત્યક્ષેત્રે આપેલા પ્રદાન બદલ ''કુવેમ્પુ રાષ્ટ્રીય પુરસ્કાર'', ઈ.સ. ૨૦૨૪ની સાલ માટે, રાષ્ટ્રીય કુવેમ્પુ ટ્રસ્ટ, બેંગલુરુ, કર્ણાટક દ્વારા આપવાનું જાહેર કરવામાં આવ્યું છે. શ્રી હિમાંશીબહેન શેલતને હાર્દિક અભિનંદન.

## ટૂંકાવીને

- ૧૫ પંદર નિવાસી શાળા શરૂ કરવા માટે શિક્ષણ વિભાગે મંજૂરી આપી. નવી મંજૂર થયેલી શાળાઓમાં આગામી વર્ષથી પ્રવેશ મળશે.
- ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા હવે નવી કોમર્સ ફેકલ્ટી ઊભી કરાશે. આગામી શૈક્ષણિક વર્ષથી બી.કોમ. અને એમ.કોમ. સહિતના નવા કોર્સ શરૂ કરવામાં આવશે.
- પ્રાથમિક શિક્ષકોની ઓનલાઇન બદલીમાં ૫૮૪૯ શિક્ષકોને ઓર્ડર થયો.

## સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત માધ્યમિક શાળાઓનો આગવો કાર્યક્રમ એટલે

# વિનિત વિદાય

## આ કાર્યક્રમની કેટલીક તસવીરો
















**ઘરશાળા**
ફેબ્રુઆરી-૨૦૨૫

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૦૦/-

# મુ. શ્રી રઘુભાઇ નાયક



૧૫-૦૮-૧૯૦૭ ● ૩૧ - ૦૩ - ૨૦૦૩

માણસને માણસ બનાવવાનો કેળવણીના ઉચ્ચત્તમ ધ્યેયોની અમારા ગુરૂશ્રી રઘુભાઈ નાયકે આજીવન સાધના કરી. સિદ્ધ કર્યા છે. એવા ગુરૂમાં જ અમને ગોવિંદના દર્શન થયા છે અને એ દર્શન જ અમને એમના કર્તવ્ય પરાયણ કાર્યોથી આજીવન કેળવણીમાં રચ્યા-પચ્યા રહેવાની પ્રેરણા આપે છે.

- સૌ સરસ્વતોના નમન

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું